## એક ખેડૂત પરિવારનાં મા–બાપની વહીવટીતંત્ર સમક્ષ આજીજી

# અમારી માસુમ દીકરીને નરાધમ શખ્સની ચૂંગાલથી બચાવો

**ખાંભાનાં એક ગ્રામ્ય વિસ્તારનાં ખેડૂત માતા–પિતાની ૧૯ વર્ષની માનસિક બીમાર દીકરીને એક ઢગો ભગાડી ગયો**

**છેલ્લા એક મહિનાથી ૪૦ વર્ષનો પરિણીત ઢગો દીકરાનાં ફોટા સોશ્યલ મીડિયામાં વાયરલ કરી રહ્યો છે**

**લાચાર મા–બાપ સ્થાનિક પોલીસ સ્ટેશનનાં ધક્કા ખાઈને થાકી ગયા દીકરી પરત આવતી નથી**

**ગરીબ મા–બાપ નિસાશા સાથે કહે છે કે કાયદો અને કાનૂન માત્ર અમીર માટે જ હોય તેવું લાગે છે**

**(પ્રતાપખુમાણદ્વારા)**

સાવરકુંડલા, તા. ૧

ખાંભા તાલુકાના એક ગામે ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતા પરિવારની રાતોની નીંદ હરામ થઈ ગઈ છે. આજથી એકાદ માસ પહેલા ખેડૂતની દીકરી જે જન્મથી જ માનસિક વિકલાંગ છે. આ માત્ર ૧૯ વર્ષની કિશોરીને સામાજિક શારીરિક કોઈ સમજણ નથી. આ દીકરીની માનસિકતાને બરાબર ઓળખી ગયેલ સુરેશ કાળુભાઈ સોલંકી નામનો શખ્સ લલચાવી ફોસલાવી મોડી રાત્રે બદકામ કરવાના ઈરાદે ભગાડી ગયેલ છે. મૂળ ગીર ગઢડાના કોદીયા ગામનો આ સુરેશ સોલંકી પોતાના કૌટુંબિક સગા અનિલ સોલંકીની મદદથી આ કિશોરીને જસાધાર (તા. ઉના) આસપાસના કેરીઓના બગીચાઓમાં સંતાડી ભાગતો ફરે છે. એવું પણ જાણવા મળેલ છે કે, આ શખ્સ સુરેશ સોલંકી પોતે પરિણીત અને એક બાળકનો પિતા પણ છે. ત્યારે પોતાના પરિવારને પણ તરછોડી આ ભલી ભોળી માનસિક બીમાર દીકરીને ગેરકાયદે પોતાના કબજામાં રાખી ભાગતો ફરી રહ્યો છે. આ પહેલાં પણ અન્ય બે દીકરીઓની જીંદગી સાથે પણ આવો જ ખિલવાડ કરી ચૂક્યો છે. તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ બનેલા આ બનાવની જાણ ખાંભા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારના પિતા દ્વારા લેખિતમાં કરવામાં આવેલ છે. આ બાબતે લાચાર પિતા પોલીસ સ્ટેશને ધક્કા ખાઈ ખાઈને થાકી ગયા છે. દરરોજ તપાસ અધિકારી દ્વારા માત્રને માત્ર ઠાલા આસન મળે છે પણ દીકરી મળતી નથી. આ ઉપરાંત આરોપી શખ્સને કાયદાનો કોઈ ડર નહોય તેમ સરાજાહેર સોશ્યલ મીડિયામાં પોતાના કબ્જામાં રહેલ માનસિક વિકલાંગ દીકરી સાથેના ફોટાઓ અને વિડિયો અપલોડ પણ કર્યા કરે છે. આ માનસિક બીમાર દીકરીની માતા દીકરી પાછળ વલોપાત કરી કરીને હાલત ખરાબ થઈ ગઈ છે. આ લાચાર બેબસ હતાશ કોળી ગરીબ પરિવાર પોતાની કિસ્મતને કોસતા કોસતા દિવસ–રાત પસાર કરે છે. નિરાશ બાપ નિસાસો નાખતા બોલી ઉઠે છે કે, હે સાહેબ, કાયદા કાનૂન બધુ પૈસાદાર માટે જ હશે..?! અમારા જેવાની રાવ કોઈ નહી સાંભળે..? અમારી માસુમ દીકરીને છેલ્લા એકાદ મહિનાથી પિંખતા રહેવાની પાસેથી કોઈ છોડાવી નહીં શકે..?

## સેવાભાવી સંસ્થા અશ્વમેઘ ગૃપનું પ્રેરણાદાયી કાર્ય

# અમરેલીનાં એક પરિવારનાં મોભીનું અવસાન થતાં પરિવારજનોને આર્થિક મદદ

**પરિવારજનોને મુશ્કેલી ન પડે તેની કાળજી લેવાઈ**



અમરેલી, તા. ૧

અમરેલીના ચિત્તલ રોડ વિસ્તાર ના ઓમનગર સોસાયટી માં વસતા એક સામાન્ય પરિવાર કે જે વર્ષોથી ભાડાના મકાન મા રહે અને પરીવારના લોકો છૂટક મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા એના ઘરે અચાનક ઘર ના મોભી માણસ ને ઝેરી કમળી થઈ જેના લીધે લીવર અને કિડની ડેમેજ થતાં સારવાર દરમ્યાન અવસાન પામ્યા અને પરીવાર પર અચાનક નોધારી પીડાને દુઃખ આવી પડયું...

ઘરની સ્થિતિ ખૂબ કફોળી હતી આ વાત ની જાણ તે વિસ્તારના સેવાભાવી અને હંમેશા લોકો ના સુખ કરતા દુઃખ મા વધુ સાથ આપનાર એવા હોંકારો કાર્યાલયના સંચાલક રવિરાજભાઈ શેખવા અને એમના ગૃપને થતાં એમણે એમની સેવાકીય સંસ્થા અશ્વમેઘ ગૃપ ના મિત્રો મળી રૂપિયા બાવન હજાર એકસો જેવી એ પરિવાર માટે રકમ એકત્રીત કરી આજ રોજ એમની ઉતરક્રિયા સમયે અને ચોધરી પરીવાર ના દુઃખ મા ભાગ લઈ ને સાથ આપેલ હતો અને હજી કાઈ પણ કયારેય જરૂરિયાત હોય તો વીના સંકોચ કહેજો એવો દિલાસો પણ આપેલ હતો.

આ સેવાકીય સંસ્થા દ્વારા નવાર જરૂરિયાત મંદ લોકો માટે ફાળો કરે છે ને નિયમિત ચિત્તલ રોડ વિસ્તારની રેઢિયાળ ગાય માતાને ઘાસચારો પણ કરે છે ઘણી સામાજિક અને ધાર્મિક તેમજ જરૂરિયાત મંદ માટે દવા ખર્ચ અને રાશનકીટની પ્રવુતિ સહિત બાળકોની ફી અને પુસ્તક ખર્ચ જેવી અનેક પ્રવુતિઓ આ અશ્વમેઘ સંસ્થા દ્વારા કરવામા આવે છે.

## રેલ્વે સ્ટેશન નજીક પરશુરામધામ મંદિરમાં

# અમરેલી ખાતે સમસ્ત બ્રહ્મસમાજની જિલ્લા અને શહેર મહિલાપાંખનું સંમેલન યોજાયું

**જિલ્લા પ્રમુખ, શહેર પ્રમુખનાં નેતૃત્વમાં બેઠક યોજાઈ**





અમરેલી, તા. ૧

તારીખ ૩૦ માર્ચ ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ અમરેલી જિલ્લા તેમજ શહેરની મહિલા પાંખની ટીમ નું મહિલા સંમેલન યોજાયું

અમરેલી પરશુરામ ધામ મંદિર ખાતે અમરેલી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખનું સ્નેહ મિલન યોજાયું આ કાર્યક્રમમાં તાલુકા લેવલના મહિલા હોદેદારોએ પણ હાજરી આપેલ જિલ્લા પ્રમુખ નયના આચાર્ય તેમજ શહેર પ્રમુખ કલ્પના જાની તેમજ હોદેદારો ની ટીમ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ બ્હોળી સંખ્યામાં બહેનોની હાજરી રહી તેમ જ દરેક બહેનોએ પોતાનો પરિચય આપી પોતાના ક્ષેત્રમાં શું કાર્ય કરે છે એ વિશે ટૂંકમાં માહિતી આપી આગામી કાર્યક્રમ શું કરવો એ અંગે વિચારણા કરી અલ્પ આહાર લઈ બધા આનંદથી છુટા પડયા.

## ઉત્તર–મધ્ય અમેરિકા, મેક્સિકોમાં જોવા મળશે

# આગામી સોમવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્દભુત અવકાશી નજારો

**જો કે ભારતવાસીઓને નજારાનો લાભ નહી મળે**

અમદાવાદ, તા. ૧

અમદાવાદ : દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં સોમવાર તા. ૮ મી એપ્રિલ અમુક દેશો–પ્રદેશોમાં ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. આ ગ્રહણની અવધિ ૫ કલાક ને ૧૦ મિનિટની છે જે ઉતર–મધ્ય અમેરિકા, મેકિસકો, પૂર્વ કેનેડામાં અદભુત દેખાવાનું છે. વૈજ્ઞાનિકોએ સંશોધન માટે પોતાના સ્થળની પસંદગી કરી લીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં આ ગ્રહણ જોવા મળશે નહિ ત્યારે રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે.

સંવત ૨૦૮૦ ફાગણ કૃષ્ણ પક્ષ ને અમાસ તા. ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવાર મીન રાશિ રેવતી નક્ષત્રમાં થનારૂં ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી જયારે સૂર્યગ્રહણ ઉતર–મધ્ય અમેરિકા, પૂર્વ કેનેડામાં અલૌકિક જોવા મળવાનું છે. આ ઉપરાંત ગ્રહણ, ઉતર–દક્ષિણ પેસિફિક મહાસાગર, લેબ્રેડર સમુદ્ર, કેનરીઅસ સમુદ્ર વગેરે વિસ્તારોમાં જોવા મળવાનું છે.

ભૂમંડલે ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૨૧ કલાક ૧૨ મિનિટ ૧૦ સેકન્ડ, ગ્રહણ સં મીલન : ૨૨ કલાક ૦૮ મિનિટ ૪૭ સેકેન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૪૭ મિનિટ ૧૬ સેકન્ડ, ગ્રહણ ઉ–મીલન : ૨૫ કલાક ૨૫ મિનિટ ૩૨ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૨ મિનિટ ૧૪ સેકન્ડ, આ ગ્રહણનું ગ્રાસમાન : ૧.૦૫૭ રહેશે. ગ્રહણની અવધિ ૦૫ કલાક ૧૦ મિનિટની છે. ખગ્રાસ ગ્રહણ ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સ્થિરતા રહેશે.

જાથાના રાજય ચેરમેન – એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આ ગ્રહણ પૃથ્વી ઉપર ૦૫ કલાક ૧૦ મિનિટ જોવા મળવાનું છે તેમાં પૂર્વ કેનેડામાં ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સુધી ખગ્રાસ અવસ્થા અતિ દુર્લભ જોવા મળવાનું છે. માનવી માટે જીજ્ઞાસા સાથે સંશોધન શ્રેષ્ઠ સમય છે ત્યારે પશુ–પંખી માટે વિચલિત થઈ જાય તેવી અવસ્થામ સાબિત થશે. તેમને એકાએક અંધકાર, પ્રકાશનું ગાયબ થઈ જવું કુતુહલ સાબિત થવાનું છે. ભારતમાં ખગ્રાસ કે ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળવાનું નથી. વિશ્વના અમુક દેશ–પ્રદેશમાં આશરે ૦૫ કલાક ૧૦ મિનિટ સુધી ગ્રહણનો અવકાશી નજારો આબેહૂબ જોવા મળવાનો છે. આ ગ્રહણ અદભુત – અલૌકિક છે. જીંદગીનો યાદગાર પ્રસંગ છે. માનવ જાતે વિજ્ઞાન ઉપકરણથી જોવાલાયક નજારો છે. વિશ્વમાં વૈજ્ઞાનિકો અદ્યતન સાધનોથી લોક કલ્યાણકારી સંશોધનો કરશે.

વિશ્વ આખું તા. ૮ એપ્રિલે ટી.વી.માં ગ્રહણ સંબંધી વિસ્તૃત માહિતી આપશે. ઘર બેઠા નજરે ગ્રહણ જોઈ શકાય છે. ચંદ્ર–સૂર્યગ્રહણનો માત્ર ને માત્ર અવકાશી ખગોળીય ઘટના બને છે તો પણ વૈજ્ઞાનિકો માનવ જાતની સુખાકારી માટે સંશોધનો કરે છે. જયારે ભારતમાં સદીઓથી અમુક લેભાગુઓ એકપણ વિજ્ઞાન ઉપકરણ વગર, કપોળ કલ્પિત ચોપડીના આધારે ફળકથનો કરી લોકોને ઊંધા–અવળે માર્ગે વાળે છે. ભૌગોલિક, રાજકીય, સામાજિક, રાશિ ફળકથનો, ક્રિયાકાંડો વગેરે જાતજાતના તૂત લોકોના માથા ઉપર મુકે છે. લોકોને માનસિક પછાત રાખવાનું ષડયંત્ર કહી શકાય. ભારતમાં મોટા ભાગના લેભાગુઓને ખગોળનું જ્ઞાન જ નથી. વર્ષો જુની ચોપડીમાંથી જોઈ ફળકથનો કરે છે. જાથાએ કહેવાતા મોટા માથાના લેભાગુઓને ખુલ્લા મેદાનમાં લઈ જઈ આકાશમાં રાશિ, નક્ષત્ર, ગ્રહણો બતાવવા કહ્યું તેમાંથી એક પણ ગ્રહ – રાશી નામ સહિત બતાવી શકયા ન હતા. માત્ર લોકોને ઉલ્લું બનાવવામાં બેહદ હોંશિયાર સાબિત થયા હતા. પોતાના ફળકથનના ધંધામાં ગ્રહોના મંત્ર–જાપ, નિવારણ હોમ, કર્મકાંડ કરાવવામાં પાવરધા સાબિત થયા હતા. લેભાગુઓએ જાથાને કહ્યું કે માનવજાતને ગ્રહો નડતા જ નથી તેવું કહેવામાં આવે તો રોજગારી કયાંથી મેળવવી ? ભય–ડર બતાવો તો જ ગ્રહ નિવારણ કરવામાં આવે છે. તેથી જાત–જાતના વિધિ–વિધાન બતાવવામાં આવે છે તેવી નિખાલસતા બતાવી હતી. ચંદ્ર–સૂર્યગ્રહણનો માનવજાતને નડતા ન નથી તેવું વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે છતાં ભારતમાં લેભાગુઓનો ધંધો આજે પણ પૂરબહાર ચાલે છે તેનું જાથાને દુઃખ છે.

જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે કે ભારતભરમાં ગ્રહણ સમયે વૈજ્ઞાનિક સમજ સાથે ચા–નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. સદીઓ જુની માન્યતાનું ખંડન સ્થળ ઉપર કરવામાં આવશે. લેભાગુઓના ફળકથનોની હોળી કરવામાં આવશે. લોકોમાં માનસિક ભય–ડર દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવશે. પૃથ્વી ઉપર હજારો ચંદ્ર–સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે. માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદી દુતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ–ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સુતક–બતુક ઠોકી, શારીરિક–માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ ઉભુ કર્યુ છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પજ્ઞતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન–પુણ્ય, જપ–તપ, સ્નાન કરવું રાશિફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓ અને કર્મકાંડીઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ–ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા– રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યુ છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી–ખરાબ, શુભ–અશુભ, લાભ–નુકસાન, હોની–અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક – કુદરતી, નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ–તપ, અનુષ્ઠાન, પૂજાવિધિ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડો ગતકડા, આશિર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા–દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ–હવન, જપ–તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધઃપતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની લેભાગુઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર–દેવસ્થાના બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની–કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા–દેવા નથી. માનવીએ ચંદ્ર–મંગળ ઉપર પણ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર–મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃતિના દર્શન કરાવી તેના મંત્ર–જાપ કરી નંગની વીંટી પહેરી મુખાર્મીનું પ્રદર્શન કરે છે.

રાજયમાં જાથાન કાર્યક્રમો જિલ્લા મથકો રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, હિંમતનગર, રાજપીપળા, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ–ભુજ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગિર સોમનાથ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, બોટાદ, તાપી વ્યારા, મહીસાગર લુણાવાડા, ડીસા, ગાંધીધામ, અંજાર, ધોરાજી, ઉપલેટા, કેશોદ, મહુવા, કુંકાવાવ, બાબરા, લીંબડી સહિત અનેક તાલુકા મથકે આયોજનની તૈયારી ચાલી રહી છે.

જાથાના બિલડીના ખીમજીભાઈ બારોટ, દેવળાના બાબુભાઈ જાગાણી, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, વિનોદ વામજા, રાજુભાઈ યાદવ, જીવણભાઈ મીયાત્રા, હસમુખ ગાંધી, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, હુસેનભાઈ ખલીફા, પ્રમોદ પંડયા, નિર્ભય જોશી, કિશોરગીરી ગોસાઈ, તુષાર રાવ, ભાનુબેન ગોહિલ, ભકિતબેન રાજગોર, ભાવનાબેન વાઘેલા અનેક કાર્યકરો કાર્યક્રમનું સંકલન કરી રહ્યા છે.

અંતમાં રાજયમાં જાથાની શાખાઓમાં ગ્રહણની વૈજ્ઞાનિકો સમજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મર્યાદીત સંખ્યામાં હોય આમંત્રિતો માટે જ રાખવામાં આવ્યું છે. વિશેષ જાણકારી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# અમરેલીનાં આહિલ લાખાણીએ પાંચ વર્ષની વયે રોજુ રાખ્યું



અમરેલી, તા. ૧

પવિત્ર રમઝાન માસની શરૂઆત થી મુસ્લિમ સમાજના યુવાનો વૃદ્ધઓ મહિલાઓ સહીત બાળ રોજેદારો કળકળતા તાપમાં વહેલી સવારે સર્ગી કરી ૧૫ થી ૧૬ કલાક સુધી ભૂખ પ્યાસ ને ત્યાગી ઈબાદત કરી પવિત્ર રમજાન માસમાં ખુદાને રાજી કરવાનો પ્રયાસ સાથે બંદગી કરી રહયા છે.

પવિત્ર રમઝાન માસમાં ખાસ કરીને નાના ભૂલકાઓ રોજા રાખીને ખુદાની બંદગી કરી પોતાના પરિવાર તેમજ દેશ અને દુનિયામાં અમન શાંતિ માટે દુવા ગુજારતા નજરે પડે છે ત્યારે એડવોકેટ અજીમ લાખાણી ના દીકરા આહિલ લાખાણી એ પ્રથમ રોઝુ નાની ઉંમરે રાખી ખુદા ની ઈબાદત કરી છે જેથી પિતા અજીમ લાખાણી એ નાના બાળ રોજદાર ને દુવાઓ સાથે શુભેચ્છા અભિનંદન પાઠવી દીકરા ને હેત વર્ષા કરી ફુલહાર થી સ્વાગત કરી પવિત્ર રમજાન મુબારક માસમાં બાળ રોઝદાર ને પ્રોત્સહિત કરવાનાં ભાગરૂપે સમગ્ર મેમણ સમાજ અને અનેક સામાજિક સંસ્થા ના આગેવાનો દ્વારા શુભેચ્છા અભિનંદન પાઠવેલ.

# કાનાતળાવનાં પુ. ઉષામૈયા અને સેવકો દ્વારા નર્મદા યાત્રાની પરિક્રમા પદયાત્રા દ્વારા પુર્ણ



સાવરકુંડલાના કાનાતળાવ ખાતે આવેલ આશ્રમના શિવભકત પુ. ઉષામૈયાની છત્રછાયામાં મુકેશભાઈ વીછીંયા સહિતના સેંકડો શિવભકતોએ નર્મદા મૈયાની ૩૬૦૦ કી.મી. ની પરિક્રમા પદયાત્રા દ્વારા પુર્ણ કરવામાં આવી અને ચુંદડી ઉત્સવની ઉજવણી આસ્થાભેર કરવામાં આવી જેમા પુર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, ટીકુભાઈ વરૂ સહિતનાં આગેવાનોએ પુ. ઉષામૈયાનાં આર્શીવાદ મેળવ્યા હતા.

## જિલ્લા પ્રભારી મંત્રી હકુભા રવિવારે સાંજે દોડી આવતાં

# અંતે અમરેલીમાં શરૂ થયેલ ભાજપનાં ભડકાને શાંત કરી દેવાયો

**પ્રભારી મંત્રીએ ભાજપનાં ટોચનાં આગેવાનોની સંગાથે પત્રકાર પરિષદ યોજીને સમગ્ર પ્રકરણને લઈને કર્યો ખુલાશો**

**લોકસભા બેઠકની ચૂંટણીમાં ૫ લાખ મતથી વિજેતા થવાનાં સંકલ્પ સાથે સૌ કામે લાગ્યાનું જણાવાયું**

**ભાજપનાં ઉમેદવાર સામે કોઈ વિરોધ જ નથી કાર્યકર્તાઓ વચ્ચે અન્ય કોઈ કારણોસર સામાન્ય માથાકૂટ થયાનું જણાવ્યું**

**પત્રકાર પરિષદમાં દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, કૌશિક વેકરિયા સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં**



અમરેલી, તા. ૧

અમરેલી લોકસભા ભાજપના ઉમેદવાર સામે અસંતોષને લઈ ચાલતા વિવાદને લઈ અમરેલી પ્રભારીહકુભાજાડેજારવિવારેઅમરેલી દોડી આવ્યા હતાઅને ભાજપના આગેવાનો સાથે બેઠક કરી હતી અને તમામમાહિતીમેળવીઅનેસાંજનાસમયે અમરેલીખાતેપ્રેસકોન્ફરન્સયોજીહતી.

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર સામે અસંતોષને લઈગતશનિવારેસાંજનાસમયેઅમરેલી ખાતે કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા રાજુલાથી અમરેલી આવી પહોંચ્યાહતા.જયાં તેઓએઅમરેલીના ઉમેદવારના સમર્થન માટે ભાજપના નેતાઓ અનેકાર્યકર્તાઓ સાથે ખાનગી બેઠકપણકરીહતી.આબેઠકમાંકેટલાંક કાર્યકર્તાઓદ્વારાઅમરેલીનાઉમેદવાર બદલવાની માંગણીઓ જોર શોરથી ભુપેન્દ્રસિંહચુડાસમાસમક્ષ કરીહતી. ત્યારે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કાર્યકર્તાઓની રજૂઆત પ્રદેશ આગેવાનોને પહોંચાડવાની ખાત્રી આપવામાંઆવીહતી.

ભુપેન્દ્રસિંહચુડાસમાસાથે બેઠક પૂર્ણ થયા બાદ અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર ભાજપના જ કાર્યકર્તાઓના બે જુથ સામ સામે આવી ગયાહતાઅનેએકબીજાપરહુમલાઓ કર્યાહતા.જેમાંભાજપનાજબંનેજૂથના કાર્યકરો એકબીજા સાથે મારપીટ કરી હતી અને નાની મોટી ઈજાઓ સાથે બંને જૂથના કાર્યકરો સિવિલ હોસ્પિટલમાં સારવારમાટેદાખલથયા હતા.જેનેલઈ મોડીરાત્રીના લોકોના ટોળાઓ સિવિલ હોસ્પિટલેદોડીગયાહતા.ત્યારેહાલતુર્ત તો ભાજપના વરિષ્ઠ આગેવાનોની સમજાવટથીમામલોથાળેપડયોછે.જેને લઈ કોઈ પણજુથદ્વારાપોલીસફરિયાદ નોંધાવી નથી.

આ ઘટના બાદ અમરેલીના પ્રભારીહકુભાજાડેજાગઈકાલેસાંજના સમયેઅમરેલીખાતેદોડીઆવ્યાહતા. ભાજપના આગેવાનો સાથે બેઠક કરી હતી અને આ બનાવ અંગેની તમામ માહિતી મેળવી હતી અને બાદમાં પ્રેસ કોન્ફરસયોજીહતી.જેમાંહકુભાજાડેજા, દિલીપ સંઘાણી, નારણકાછડીયા, ધારાસભ્યો કૌશિક વેકરીયા, મહેશ કસવાલા, જે.વી. કાકડિયા, જનક તળાવિયા, ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા,જિલ્લાભાજપનાપ્રમુખરાજેશ કાબરિયા, પુર્વધારાસભ્યબાવકુઉંઘાડ, પુર્વ ભાજપના જિલ્લા પ્રમુખ ડો. ભરત કાનાબાર,દિનેશપોપટ,હિરેનહિરપરા, શરદ લાખાણી સહિતના ભાજપી કાર્યકરોની ઉપસ્થિતમાં સૌ ભાજપના આગેવાનોએઅમરેલીલોકસભાબેઠક માટે જાહેર થયેલા ઉમેદવાર ભરત સુતરીયાસામેકોઈજઅસંતોષનહોવાનું અનેભાજપનાઉમેદવારનેપાંચલાખથી પણવધુમતથીજીતાડવામાટેનોસંકલ્પ જાહેર કર્યાહતો.

## જિલ્લામાં કુલ્ફી, આઈસ્ક્રીમની તપાસણી જરૂરી બની

# અમરેલીનાં લુણીધાર ગામેથી કુલ્ફી લઈ ખાનાર કાઠમાં ગામનાં શ્રમિકે ખાતા ફૂડ પોઈઝનીંગ

**સિવિલ હોસ્પિટલ ખાતે શ્રમિકોને ખસેડાયા**

અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના કાઠમાં ગામે આવેલ કોલડા રોડ ઉપર રહેતા નરેશભાઈ હરસુરભાઈ ડેર નામનાં ૨૫ ખેડૂતયુવકનીવાડીએડુંગળીનોપાકલેવા સારૂ મજુર આવેલ હતા અને વધુ તડકો હોયજેથીજખેડૂતયુવક લુણીધાર ગામે બાપા સીતારામ ડેરીમાં ભાવેશભાઈ દેવાણીત્યાંથીકુલ્ફી (કેન્ડી) નંગ–૨૮ રૂા. ૨૮૦નીલખેલલીધેલહોયજેકેન્ડીભોગ બનનાર તેમજ મજુરોએ ખાતા તેમને ઉલ્ટી ઉબકા શરૂ થતા અને ચક્કર આવતા ફુડ પોઈઝનીંગ થતા સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાંદાખલકરવામાંઆવેલહતા.

## વિકાસ થાય તેમાં વિક્ષેપ ન થાય તે જોવુ રહયું

# દામનગરમાં ટ્રાફિકને નડતરરૂપ બનેલ રેલીંગ દુર કરવા માંગ

**મોટા વાહન ચાલકોને વળાંક લેવામાં મુશ્કેલી**



દામનગર, તા. ૧

દામનગર શહેરની અંદર વિકાસના કામો ખુબજ થયા છે.!! એક સહકારીસંસ્થાદ્વારાએકસર્કલઅનેએકહાથ જોડીને નમસ્કાર કે આભાર માનતું સ્ટેચ્યુ બનાવ્યું છે તે વૈજનાથ મહાદેવ મંદિરની સામેના ભાગમાં રસ્તાવચ્ચેથી ડીવાઈડર સુધી ઊભા કરેલ જીણકા (નાના–નાના થાંભલા) ખુટાવાહનચાલકોમાટેમાથાનો દુખાવોસાબીતથઈરહ્યાછે, ઉપલારોડથી નીચેનારોડઉપરઆવવામાટેમોટાવાહન ચાલકો ને વાળવામાં ભારે તકલીફ પડી રહીછે.!! અકસ્માતો થયા નથી, પણ કોઈ નાનો કે મોટો ગમખ્વાર અકસ્માત થવાનો ભયરહ્યા કરેછે.આખુટાજીવલેણસાબિત થાય તે પહેલા સંસ્થાએ કાઢી લેવા જોઈએ એવીમાંગનીચર્ચાથઈરહીછે.

## અખબારી જગતમાં અહેવાલ પ્રસિધ્ધ થતાં જ કાર્યવાહી

# અંતે બગસરા એસ.ટી. ડેપોની બસમાંથી સરકારનાં ગુણગાન ગાતી જાહેર ખબરો દૂર કરાઈ

**પ્રાંત અધિકારીએ મીડિયાકર્મીનું ધ્યાન દોરવા બદલ આભાર માન્યો**




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧

બગસરામાં એસ.ટી. ડેપોમાં રાજરાજય અને જનતા સુખી જાણે કોઈ પૂછવાવાળું ન હોય તેમ બગસરા એસ.ટી. ડેપોમાં એસ.ટી. બસોમાં સરકારી બેનરોના લોભામણી જાહેરાતો કરતા બેનરો આચાર સંહિતા લાગ્યા બાદ પાંચ દિવસ સુધી બેનરો એસ.ટી. ડેપો મેનેજર દ્વારા હટાવવામાં આવતા અખબારી અહેવાલનાં માધ્યમથી બગસરા પ્રાંત અધિકારી દ્વારા માલુમ પડતા તાત્કાલિકધોરણે પ્રાંત અધિકારી ધ્વારા ગણતરીઓની કલાકમાં બગસરા ડેપો મેનેજરને નોટિસ ફટકારી હતી અને ગણતરીની કલાકમાં જ તાત્કાલિક દૂર કરવા હુકમ કર્યો હતો. ત્યારબાદ પ્રાંત અધિકારીએપ્રેસમીડિયાનોપણઆભાર માન્યો હતો કે આચાર સંહિતાનાં ભંગ બદલધ્યાનદોર્યુતેબદલઆભારવ્યકત કર્યોહતો. તસ્વીરમાંબસમાં પોસ્ટરો દૂર કરેલ બસ તસ્વીરમાં નજરે પડે છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### કેજરીવાલે પૂછપરછ દરમિયાન બે મંત્રીઓના નામ લીધા

# કેજરીવાલને ૧૫ દિવસ માટે જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલાયા

## કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે : અરવિંદ કેજરીવાલને તિહાડ જેલમાં રાખવામાં આવશે

નવી દિલ્હી, તા.૧

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે ફરી દિલ્હી લિકર પોલિસી કેસની સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં ED તરફથી એએસજી રાજુએ તો મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તરફથી રમેશ ગુપ્તાએ દલીલ રજુ કરી હતી. કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેજરીવાલે પૂછપરછમાં આમ આદમી પાર્ટીના બે નેતાઓના નામ આપ્યા હોવાનો ઈડીએ કોર્ટમાં દાવો કર્યો છે. કેસની સુનાવણી અંતે કોર્ટે કેજરીવાલને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ તિહાર જેલ મોકલી દીધા છે. આ કેસમાં કેજરીવાલ છેલ્લા ૧૦ દિવસથી જેલમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ દિવસ માટે જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. તેમને તિહાડ જેલમાં રાખવામાં આવશે. કેન્દ્રીય એજન્સીએ સીએમની ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી માંગી હતી જેના પર રાઉજ એવન્યુ કોર્ટે મહોર લગાવી દીધી. કોર્ટમાં પેશી માટે લઈ જવામાં આવતા હતા તે વખતે કેજરીવાલે કહ્યું કે પીએમ જે પણ કરી રહ્યા છે તે ઠીક નથી કરી રહ્યા. આ ઉપરાંત ઈડીએ એક ચોંકાવનારો દાવો એમ પણ કર્યો છે કે કેજરીવાલે બે નેતાઓના નામ આપ્યા છે. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું કે કેજરીવાલ તપાસમાં મદદ કરતા નથી. તેઓ ગોળગોળ જવાબ આપે છે અને તપાસ આગળ ન વધે એટલે તેમના આઈફોનના પાસવર્ડ પણ આપતા નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ હાલમાં તિહાડ જેલમાં હાઈલેવલ બેઠક થઈ હતી. કહેવાયું હતું કે આ મામલે આજે પણ એક હાઈ લેવલની બેઠક થઈ છે. ગત બેઠકોમાં ચર્ચા થઈ હતી કે જો કેજરીવાલને જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાડ જેલમાં રાખવામાં આવે તો તેમને કયા નંબરની જેલમાં રાખવા. આ સાથે જ તેમની સુરક્ષાને લઈને પણ ચર્ચા થઈ. ઈડીએ કોર્ટમાં જણાવ્યું કે પૂછપરછમાં કેજરીવાલ ગુમરાહ કરવાની કોશિશ કરે છે. જે સમયે ઈડીના વકીલ દલીલ કરી રહ્યા હતા ત્યારે અરવિંદ કેજરીવાલ કોર્ટમાં હાજર હતા. જ્યારે ઈડીએ કોર્ટને જણાવ્યું કે કેજરીવાલે પૂછપરછમાં જણાવ્યું છે કે વિજય નાયર આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. તો તે વખતે કેજરીવાલ ચૂપ્પી સાધીને બેઠા હતા. આવું પહેલીવાર બન્યું છે કે જ્યારે તેમણે કોર્ટમાં બે મંત્રીઓના નામ લીધા. કેજરીવાલે ઈડીને પૂછપરછ દરમિયાન કહ્યું કે વિજય નાયર તેમને નહીં પરંતુ આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. નોંધવા જેવી વાત એ છે કે જ્યારે ઈડી કોર્ટમાં આ જણાવી રહી હતી ત્યારે કેજરીવાલે તે વાતને ફગાવી પણ નહીં અને મૌન જાળવી રાખ્યું. મીડિયા રિપોર્ટ મુજબ જે સમયે સૌરભ ભારદ્વાજનું નામ લેવાયું ત્યારે તેઓ કોર્ટ રૂમમાં હાજર હતા. પોતાનું નામ સાંભળીને તેઓ ચોંકી ગયા હતા અને તમણે ત્યાં ઊભેલા સુનિતા કેજરીવાલ તરફ જોયું અને સુનિતા કેજરીવાલે પણ સૌરભ ભારદ્વાજ તરફ જોયું હતું. અત્રે જણાવવાનું કે આતિશી ગોવા વિધાનસભા ચૂંટણી વખતે ગોવા પ્રભારી હતા. અરવિંદ કેજરીવાલ એ સવાલનો જવાબ આપવાથી બચી રહ્યા કે આખરે નાયરે કેમ સીએમ કેમ્પ કાર્યાલયમાં કામ કરનારા લોકો વિશે જાણકારી નહીં હોવાનો દાવો કર્યો હતો, તેણે સીએમના કેમ્પ કાર્યાલયથી કામ કર્યું હતું. થોડા દિવસ પહેલા આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહને ૨ નંબરની જેલમાંથી ૫ નંબરની જેલમાં શિફ્ટ કરાયા. મનિષ સિસોદીયાને જેલ નંબર ૧માં રખાયા છે. જ્યારે સત્યેન્દ્ર જૈન જેલ નંબર ૭માં છે. આ જેલમાં ઈડી અને સીબીઆઈ સંબંધિત કેદીઓ રાખવામાં આવે છે.

### પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ ૫ લોકોનો ભોગ લીધો

# ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં હાલ ઉનાળાનો તાપ આગ વરસાવી રહ્યો છે

## પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની સાથે વાવાઝોડાએ હાહાકાર મચાવી દીધો છે

નવી દિલ્હી, તા.૧

દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં હાલ ઉનાળાનો તાપ આગ વરસાવી રહ્યો છે પરંતુ, પૂર્વ ભારતમાંથી કંઈક વિચિત્ર તસવીર સામે આવી છે.. જી હાં, પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની સાથે વાવાઝોડાએ હાહાકાર મચાવી દીધો છે. પશ્ચિમ બંગાળ, આસામ અને મણીપુર સહિતના રાજ્યોમાં ચક્રવાત અને વાવાઝોડાના કારણે લાખો-કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. એટલું જ નહીં પશ્ચિમ બંગાળમાં તો વાવાઝોડાએ ૫ લોકોનો ભોગ પણ લઈ લીધો છે. ભરઉનાળે કુદરતના રૌદ્ર સ્વરૂપના આ દ્રશ્યો જોઈ તમે પણ હચમચી જશો. પશ્ચિમ બંગાળ સહિત પૂર્વ ભારતના રાજ્યો પર આકાશી આફતનો આ પુરાવો છે. આકાશને ઘેરી વળેલાં કાળા ડિબાંગ વાદળોની વચ્ચે પવનની આ ભયાનકતાને જુઓ. પવનની ગતિ એટલી છેકે, જાણે આખે આખા શહેરને પોતાની સાથે ઉડાડીને લઈ જાય.. જલપાઈગુડી શહેરમાં જ્યારે ચક્રવાત હાવિ થઈ ગયું હતું ત્યારે પવનની આ ગતિ કોઈએ પોતાના કેમેરામાં કેદ કરી હતી.ભારે વરસાદ અને ચક્રવાતે પશ્ચિમ બંગાળમાં કહેર વર્તાવ્યો છે. જલપાઈગુડી અને મૈનાગુડીની પરિસ્થિતિ બદથી બદતર છે અને ખાસ કરીને જલપાઈગુડીથી તારાજીના દ્રશ્યો સૌથી વધુ આવી રહ્યા છે. ચક્રવાતના કારણે જલપાઈગુડીમાં મોટી માત્રામાં નુકસાન થયું છે. ચક્રવાત અને ભારે વરસાદથી ૫ લોકોનાં મોત નીપજ્યા છે. મળતી માહિતી પ્રમાણે ૧૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત છે. ભારે પવનના કારણે અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા છે. જિલ્લામાં અનેક સ્થળોએ ખેડૂતોનો ઊભો પાક બરબાદ થઈ ગયો છે. ચક્રવાતના કારણે અનેક લોકોના ઘર તબાહ થઈ ગયા..અચાનક ત્રાટકેલા વાવાઝોડાના કારણે લોકો ભયમાં જીવી રહ્યા છે. વાવાઝોડામાં ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળના બે જિલ્લાઓમાં તબાહીના વરસાદથી મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ એક્શનમાં આવી ગયા છે. મમતા બેનર્જીએ સ્થાનિક પ્રશાસનને સ્ટેન્ડ બાય કરીને રાહત અને બચાવની કામગીરીમાં જોતરાવવાનું કહ્યું છે.અચાનક ભારે વરસાદ અને તોફાની પવનોથી જલપાઈગુડી અમને મૈનાગુડી વિસ્તારોમાં આફત આવી છે. જેમાં લોકોના મૃત્યુ, ઈજાગ્રસ્તો, ઘરોને નુકસાન, વીજળીના થાંભલા ધરાશાયી થયા હોવાની માહિતી મળી છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવામાં આવી છે. હું અસરગ્રસ્ત લોકોની સાથે છું અને મદદની તમામ ખાતરી આપું છું. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદાબોઝે વાવાઝોડામાં હતપ્રત લોકો વિશે માહિતી મેળવી અને મૃતકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.પશ્ચિમ બંગાળ સહિત ઉત્તર ભારતમાં આકાશમાંથી આવેલી તબાહી બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કરીને દુખ વ્યક્ત કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, મારી સંવેદના પશ્ચિમ બંગાળના જલપાઈગુડી-મૈનાગુડી વિસ્તારમાં તોફાનથી પ્રભાવિત લોકોની સાથે છે. એ લોકો પ્રત્યે સંવેદના છે જેમને પરિજનોએ ગુમાવ્યા. અધિકારીઓ સાથે ચર્ચા કરીને પીડિત લોકોની મદદ કરવા સૂચના આપી.ન માત્ર પશ્ચિમ બંગાળમાં પરંતુ, કમોસમમાં આવેલા આ ચક્રવાતે આસામમાં પણ એવી જ તબાહી મચાવી છે. આસામના જોરહાટમાં ભારે વરસાદની અસર જોવા મળી છે. વીજળીના થાંભલાઓએ ભારે પવનની સામે સરેન્ડર કરી દીધું, રસ્તામાં જ વીજપોલ ધરાશાયી થઈ ગયા છે. કોઈના મકાની છત તૂટી ગઈ છે અને સામાન ખુલ્લા આકાશ નીચે પલળી રહ્યો છે.મુશળધાર વરસાદના કારણે ગુવાહાટી એરપોર્ટ હિલ સ્ટેશનમાં તબદીલ થઈ ગયું. એરપોર્ટમાં ભારે વરસાદના કારણે પાણી વહેવા લાગ્યુંછે. થોડી જ ક્ષણોમાં એરપોર્ટનું ફ્લોર પાણીથી ભરાઈ ગયું હતું. વધુ પાણી ભરાવવાના કારણે એરપોર્ટ સ્લેબ ધરાશાયી થવાની ઘટના બની હતી. વરસાદ અને તોફાનનો કહેર પૂર્વોતરના અન્ય રાજ્યોમાં પણ જોવા મળ્યો.. પશ્ચિમ બંગાળ, આસામ બાદ મણીપુરમાં પણ ભારે વરસાદ અને પવનથી તબાહી જ તબાહી દેખાઈ છે. જ્યાં ભારે વરસાદના કારણે જાનમાલને મોટી માત્રામાં નુકસાન થયું છે. લોકોના કાચા મકાન તૂટી ગયા છે, ઘરનો સામાન વિખેરાયને પડ્યો છે. ખેડૂતોનો ઊભો પાક બરબાદ થઈ ચૂક્યો છે. અનેક જગ્યાઓ પર તો પાકા મકાનોને પણ ભારે નુકસાન થયું છે.. પાકા મકાનની છત તૂટી જતામાં ઘરમાં સામાન રેણ વિખેણ થઈ ચૂક્યો છે અને વરસાદી પાણી ભરાય ચૂક્યા છે. ભરઉનાળે પૂર્વ ભારતના રાજ્યો માટે આ તોફાન ત્રાસદીથી ઓછું નથી. એક તરફ જ્યાં સમગ્ર ઉત્તર ભારતમાં સૂર્યનો પ્રકોપ વર્તાય રહ્યો છે તો બીજી તરફ પૂર્વોત્તરના રાજ્યોમાં અચાનક આવી પડેલા તોફાનથી લોકો આઘાતમાં છે.

### ગુજરાતમાં વડાપ્રધાન મોદી કરશે પ્રચંડ પ્રચાર

# મોદી ગુજરાતમાં ૧૦થી ૧૨ જાહેર સભાઓ સંબોધશે

## લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં તમામ પક્ષો તરફથી જોરશોરથી ચૂંટણી પ્રચાર કરાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૧

લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં તમામ પક્ષો તરફથી જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદી ગુજરાતમાં ૧૦ થી ૧૨ જાહેર સભાઓનું આયોજન કરવામાં આવશે. વડાપ્રધાન મોદી ગુજરાતમાં ૧૦થી ૧૨ સભાઓ સંબોધશે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપે કરેલા કલસ્ટર મુજબ વડાપ્રધાનની સભાનું આયોજન કરવામાં આવશે. રાજ્યના અર્બન વિસ્તારમાં પીએમનો રોડ શો યોજાશે. વડાપ્રધાન મોદીના રોડ શોના કાર્યક્રમોને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. ૧૫ એપ્રિલ આસપાસથી ગુજરાતમાં વડાપ્રધાનની સભા અને રેલી યોજાશે.ભારતીય જનતા પાર્ટીએ ત્રણ રાજ્યો માટે પોતાના સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. આ ત્રણ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પાર્ટી અધ્યક્ષ જેપી નેડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો સમાવેશ થાય છે. સંબંધિત રાજ્યોમાંથી ભાજપના ઘણા મોટા નેતાઓને સ્ટાર પ્રચારક બનાવવામાં આવ્યા છે. રાજ્યોના સ્ટાર પ્રચારકોની યાદીમાં એવા કેટલાક નામ છે જેઓ વિધાનસભા ચૂંટણીમાં હારી ગયા અથવા વર્તમાન લોકસભા ચૂંટણીમાં ટિકિટ પણ ન મળી નથી. ઉલ્લેખનીય છે કે પ્રથમ તબક્કાની ચૂંટણીને હવે ૨૫ દિવસથી પણ ઓછો સમય બાકી છે. દેશમાં ૧૯ એપ્રિલે લોકસભા ચૂંટણી માટે પ્રથમ તબક્કાનું મતદાન થશે.ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં એવા ઘણા નામ છે જેમને ટિકિટ મળી નથી પરંતુ તેઓ આ યાદીમાં સામેલ છે. બિહારના અશ્વિની ચૌબે પણ સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. જ્યારે સૈયદ શાહનવાઝ હુસૈન અન્ય ચૂંટણીઓની જેમ આ ચૂંટણીમાં પણ બિહારમાંથી સ્ટાર પ્રચારક બન્યા છે. અગ્રણી કેન્દ્રીય નેતાઓ ઉપરાંત, સુશીલ કુમાર મોદી, મંગલ પાંડે, સંજય જયસ્વાલ, રેણુ દેવી, સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, અનિલ શર્મા, નિવેદિતા સિંહ અને નિક્કી હેમબ્રેન જેવા બિહારના નેતાઓ પણ સામેલ છે. છેલ્લા ૧૦ વર્ષથી દિલ્હીના સાંસદ અને ભોજપુરી અભિનેતા મનોજ તિવારી પણ બિહારના સ્ટાર પ્રચારકોની યાદીમાં સામેલ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો.મોહન યાદવ પણ બિહારમાં સ્ટાર પ્રચારક બની ગયા છે.મધ્યપ્રદેશમાંથી ભાજપ દ્વારા બહાર પાડવામાં આવેલ સ્ટાર પ્રચારકોની યાદીમાં રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને વિધાનસભા ચૂંટણીમાં હારેલા નરોત્તમ મિશ્રાનો પણ સમાવેશ થાય છે. આ સાથે અન્ય રાજ્યોના ઘણા મુખ્યમંત્રીઓ મધ્યપ્રદેશમાં બીજેપીના સ્ટાર પ્રચારક બની ગયા છે. મધ્ય પ્રદેશમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, છત્તીસગઢના મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાઈ, આસામના મુખ્ય પ્રધાન હેમંત બિસ્વા શર્મા, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ સ્ટાર પ્રચારક છે. થોડા દિવસો પહેલા કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા સુરેશ પચૌરીનો પણ ભાજપના સ્ટાર પ્રચારકોની યાદીમાં સમાવેશ થાય છે.

### તેમની સાથે બીજા કોઈને નહીં રાખવામાં આવે

# કેજરીવાલને તિહાડ જેલની બેરેક નંબર-૨માં રાખવામાં આવશે

## બેરેકની સીસીવીટી કેમેરાથી નજર રખાશે : દવાઓને જેલમાં રાખવા માટે પરવાનગી માંગવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. ઈડીની કસ્ટડી પૂરી થયા બાદ કેજરીવાલને આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ઈડીએ વધુ કસ્ટડીની માંગ કરી ન હતી, ત્યારબાદ કોર્ટે તેમને ૧૫ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં જેલમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો. કેજરીવાલને તિહાડ જેલની બેરેક નંબર ૨માં રાખવામાં આવશે. તેમની સાથે બીજા કોઈને નહીં રાખવામાં આવે. તેમની બેરેકની ચોવીસ કલાક સીસીવીટી કેમેરાથી નજર રાખવામાં આવશે. કેજરીવાલે રામાયણ, ગીતા અને નીરજા ચૌધરીના પુસ્તક હાઉ પ્રાઈમ મિનિસ્ટર ડિસીઝનની માગણી કરી છે. આ સિવાય દવાઓને જેલમાં રાખવા માટે પરવાનગી માંગવામાં આવી છે.અરવિંદ કેજરીવાલ, તિહાડમાં અન્ય કેદીઓ સાથે, તેમની સવાર સાંજે ૬:૩૦ વાગ્યે શરૂ કરશે. તેમને નાસ્તામાં ચા-બ્રેડ આપવામાં આવશે. સીએમ કેજરીવાલને સવારે સ્નાન કર્યા બાદ કોર્ટમાં જવું પડશે તો આ માટે મંજૂરી આપવામાં આવશે. આ દરમિયાન તે પોતાની લીગલ ટીમને પણ મળી શકશે. તિહારમાં બપોરનું ભોજન સવારે ૧૦:૩૦ થી ૧૧ દરમિયાન યોજાશે. તેમને ભોજનમાં દાળ, શાકભાજી અને પાંચ રોટલી કે ભાત આપવામાં આવશે. અન્ય કેદીઓની સાથે તેમને બપોરે ૩.૩૦ વાગ્યે બે બિસ્કીટ સાથે એક કપ ચા પીરસવામાં આવશે. સાંજે ૪ વાગ્યે સીએમ કેજરીવાલને પોતાના વકીલોને મળવાની મંજૂરી આપવામાં આવશે. તિહાર જેલમાં રાત્રિભોજન સાંજે ૫.૩૦ વાગ્યે શરૂ થાય છે. ત્યાં રાત્રે પણ દાળ, શાક, રોટલી કે ભાત આપવામાં આવે છે.કેજરીવાલ તિહાડ જેલમાં ટીવીની સુવિધા પણ અપાઈ છે જોકે લોક-અપમાં અને ભોજન દરમિયાન ટીવી નહીં જોઈ શકે.કેજરીવાલ ડાયાબિટીસના દર્દી છે. આવી સ્થિતિમાં જેલની અંદર તેમની નિયમિત તપાસ કરવામાં આવશે. ઈમરજન્સી માટે ૨૪ કલાક ડોક્ટર હશે. કેજરીવાલના વકીલે તેમને વિશેષ આહાર આપવા વિનંતી કરી છે કારણ કે ડાયાબિટીસના દર્દીઓએ ભોજન અથવા નાસ્તા દરમિયાન વધારાની સાવચેતી રાખવી પડે છે.જેલમાંથી સરકારને ચલાવવાની પ્રક્રિયા અંગે તિહાર જેલના પૂર્વ પીઆરઓ સુનીલ કુમાર ગુપ્તા કહે છે, "આ ખૂબ જ પડકારજનક હશે. મુખ્યમંત્રીની સાથે અંગત સ્ટાફ પણ હોવો જોઈએ. અત્યાર સુધી ૧૬ જેલ છે અને તેમાંથી કોઈને પણ એવી સુવિધા નથી કે જ્યાંથી મુખ્યમંત્રી પદ ચલાવી શકાય. આ માટે તમામ નિયમો તોડવા પડશે. કોઈ પણ આટલા બધા નિયમો તોડવા દેશે નહીં. સરકાર ચલાવવી એ માત્ર ફાઈલો પર સહી કરવાનું જ કામ નથી. સરકાર ચલાવવા માટે કેબિનેટની બેઠકો બોલાવવામાં આવે છે. પ્રધાનોની સલાહ લેવામાં આવે છે અને ત્યાં ઘણો સ્ટાફ છે. એલજી સાથે મીટિંગ કે ટેલિફોનિક વાતચીત થાય છે. જેલમાં ટેલિફોનની કોઈ સુવિધા નથી. લોકો તેમની ફરિયાદોના નિવારણ માટે મુખ્યમંત્રીને મળવા આવે છે. જેલમાં સીએમ ઓફિસ બનાવવી અશક્ય છે. જેલમાં કેદીઓ દરરોજ ૫ મિનિટ સુધી પોતાના પરિવાર સાથે વાત કરી શકે છે અને આ બધુ રેકોર્ડ થઈ જાય છે.

### ભારતીય રિઝર્વ બેંકની ૯૦મી વર્ષગાંઠ

# વડાપ્રધાન મોદીએ ૯૦ રૂપિયાનો સિક્કો લોન્ચ કર્યો

## આ પ્રસંગે મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી

મુંબઈ, તા.૧

આજે ભારતીય રિઝર્વ બેંક (RBI)ની ૯૦મી વર્ષગાંઠ છે, જે દેશની કેન્દ્રીય અને સૌથી મોટી બેંક છે જે ભારતની તમામ બેંકોને નિયંત્રિત કરે છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે ૯૦ રૂપિયાનો સિક્કો પણ બહાર પાડ્યો હતો.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૯૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે સરકારે નાણાકીય સ્થિતિ સુધારવા માટે ૩.૫ લાખ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કર્યું છે. આરબીઆઈના ૯૦ વર્ષના કાર્ય વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશની બેંકિંગ સિસ્ટમને મજબૂત રાખવામાં આરબીઆઈની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે.આરબીઆઈ જે કંઈ કરે છે તેની સીધી અસર દેશના સામાન્ય લોકોની અર્થવ્યવસ્થા પર પડે છે. છેલ્લા તબક્કામાં ઉભેલા લોકોને નાણાકીય લાભ પહોંચાડવામાં આરબીઆઈએ મહત્વની ભૂમિકા ભજવી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ પરિવર્તન એટલા માટે છે કારણ કે અમારી નીતિઓ, ઈરાદાઓ અને નિર્ણયો સ્પષ્ટ છે. અમારા પ્રયત્નો સતત અને પ્રમાણિક હતા. જ્યારે હેતુ સ્પષ્ટ હોય છે, ત્યારે નીતિઓ સાચી હોય છે. જ્યારે નીતિઓ યોગ્ય હોય છે, ત્યારે નિર્ણયો સાચા હોય છે, અને જ્યારે નિર્ણયો સાચા હોય છે, ત્યારે પરિણામો સાચા હોય છે.વડાપ્રધાન મોદીએ RBIના ૯૦ વર્ષ પૂર્ણ થવા પર ૯૦ રૂપિયાનો સ્મારક સિક્કો બહાર પાડ્યો હતો. દેશમાં પહેલીવાર ૯૦ રૂપિયાનો સિક્કો બહાર પાડવામાં આવ્યો છે. આ સિક્કાની ખાસિયત એ છે કે તે શુદ્ધ ચાંદીનો બનેલો છે. આ સિવાય ૪૦ ગ્રામ ચાંદીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ૯૦ રૂપિયાના ચાંદીના સિક્કાની એક તરફ બેંકનો લોગો અને બીજી બાજુ ૯૦ રૂપિયા છે.ઉપરાંત, જમણી બાજુ હિન્દીમાં India અને ડાબી બાજુ અંગ્રેજીમાં India લખેલું છે. તેની એક બાજુ આરબીઆઈનો લોગો છે અને સિક્કાની ઉપરની બાજુએ હિન્દીમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને નીચેની બાજુ અંગ્રેજી છે. લોગોની નીચે RBI @90 લખેલું છે. ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ આ ૯૦ રૂપિયાના સિક્કાનું વજન ૪૦ ગ્રામ છે અને તે ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીથી બનેલું છે. ૯૦ રૂપિયાનો સિક્કો લોન્ચ થયા પછી ફેસ વેલ્યુ કરતાં પ્રીમિયમ પર વેચવામાં આવશે.આ સિક્કાની અંદાજિત કિંમત ૫,૨૦૦ થી ૫,૫૦૦ રૂપિયા હોઈ શકે છે. ૧૯ માર્ચ ૨૦૨૪ ના રોજ, આર્થિક બાબતોના વિભાગ, નાણા મંત્રાલય, ભારત સરકાર દ્વારા આ સિક્કો જારી કરવા માટે એક ગેઝેટ સૂચના પણ બહાર પાડવામાં આવી હતી.

### કોંગ્રેસ પર હવે જયશંકરે કર્યા આકરા પ્રહાર

# જનતાને કચ્ચાતીવુ કરાર વિશે જાણવાનો અધિકાર છે

## ૧૯૭૪માં ભારત-શ્રીલંકાએ દરિયાઈ સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં શ્રીલંકાને કચ્ચાતીવુ આપવામાં આવ્યું હતું

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કચ્ચાતીવુ ટાપુને લઈને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. આ બાદથી જ દરેક લોકો આ ટાપુ વિશે વાત કરી રહ્યા છે. આ બધાની વચ્ચે તમીલનાડુંના આ ટાપુને લઈને રાજનીતિ તેજ થઈ ગઈ છે. સોમવારે વિદેશ મંત્રી એસ જયશંકરે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે જનતાને જાણવાનો અધિકાર છે કે કચ્ચાતીવુ પર શું થયું?

જયશંકરે કહ્યું કે ૧૯૭૪માં ભારત અને શ્રીલંકાએ એક દરિયાઈ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં શ્રીલંકાને કચ્ચાતીવુ આપવામાં આવ્યું હતું. આ કરાર હેઠળ ભારતીય માછીમારો કચ્ચાતીવુ જઈ શકશે અને આ માટે કોઈ દસ્તાવેજોની જરૂર પડશે નહીં. તત્કાલિન વિદેશ મંત્રીએ સંસદમાં કહ્યું હતું કે કરાર હેઠળ ભારતીય માછીમારો આ ટાપુની મુલાકાત લઈ શકશે અને આસપાસના દરિયાઈ પાણીમાં અવરજવર શક્ય બનશે.

બે વર્ષ પછી કરારમાં, તે ટાપુ અને તેની આસપાસના વિસ્તારો પરના અધિકારો ભારત અને તેના માછીમારો પાસેથી છીનવી લેવામાં આવ્યા હતા. વિદેશ મંત્રીએ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં કચ્ચાતીવુ ટાપુ અને માછીમારોનો મુદ્દો સંસદમાં વિવિધ પક્ષો દ્વારા વારંવાર ઉઠાવવામાં આવ્યો છે અને તમિલનાડુના મુખ્યમંત્રીએ આ મુદ્દો મારી સાથે ઘણી વખત ઉઠાવ્યો છે. મેં પોતે ૨૧ વાર પત્રો દ્વારા તેનો જવાબ આપ્યો છે. ત્યારે હવે આ ટાપુનું શું થયુ તેને લઈને જનતા પણ જાણવા માંગે છે અને તે તેમનો અધિકાર છે. જયશંકરે કહ્યું કે અમે માનીએ છીએ કે જનતાને એ જાણવાનો અધિકાર છે કે આ સમજૂતી કેવી રીતે થઈ. શ્રીલંકાને આ કેવી રીતે આપવામાં આવ્યું? અમે જાણીએ છીએ કે ત્યાં બે કરાર છે. અમે જાણીએ છીએ કે આ કોણે કર્યું છે પરંતુ અમને ખબર નથી કે જનતાથી શું છુપાવવામાં આવ્યું હતું, જનતાને આ જાણવાનો અધિકાર છે. તેમણે કહ્યું કે ભારત દાવો કરે છે કે આ ટાપુઓ રાજા રામનાથપુરમની જમીનદારીનો ભાગ છે, જે પાછળથી મદ્રાસ પ્રેસિડેન્સીમાં ગયા હતા. અમારા કસ્ટમ વિભાગના લોકો લાંબા સમય સુધી ટાપુની મુલાકાત લેતા રહ્યા.

વિદેશ મંત્રીએ કહ્યું કે આ એક જીવંત મુદ્દો છે જેના પર સંસદ અને તમિલનાડુ વર્તુળોમાં ઘણી ચર્ચા થઈ છે. આ બાબત કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેની છે. છેલ્લા ૨૦ વર્ષમાં શ્રીલંકા દ્વારા ૬૧૮૪ ભારતીય માછીમારોની અટકાયત કરવામાં આવી છે અને તે જ સમયગાળામાં શ્રીલંકા દ્વારા ૧૧૭૫ ભારતીય માછીમારી બોટ જપ્ત કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે પીએમ મોદીએ કચ્ચાતીવુ મુદ્દે ડીએમકે અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. વડા પ્રધાને કહ્યું હતું કે જ્યારે દેશ આઝાદ થયો ત્યારે અમારી પાસે કચ્ચાતીવુ ટાપુ હતો પરંતુ કોંગ્રેસ અને ભારત ગઠબંધનના લોકોએ મા ભારતીનો એક ભાગ કાપી નાખ્યો અને તેને ભારતથી અલગ કરી દીધો. કોંગ્રેસના વલણની કિંમત દેશ આજે પણ ચૂકવી રહ્યો છે.

### નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં ઘણી મોટી વાતો કહી

# છેલ્લા ૧૦ વર્ષમાં જે પણ થયું તે માત્ર ટ્રેલર છે, હજુ ઘણું કરવાનું બાકી છે

## પીએમ મોદીએ કહ્યું કે, જે RBI તેની વ્યાવસાયિકતા અને પ્રતિબદ્ધતાને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે

નવી દિલ્હી, તા.૧, ભારતીય રિઝર્વ બેંક (RBI) આજે તેનો ૯૦મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ અવસર પર મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ (NCPA) ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં ઘણી મોટી વાતો કહી છે.વાત જાણે એમ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે. RBIએ ૯૦ વર્ષ પૂર્ણ કર્યા છે. RBI એક સંસ્થા તરીકે આઝાદી પહેલા અને પછીની સાક્ષી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, જે RBI તેની વ્યાવસાયિકતા અને પ્રતિબદ્ધતાને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. RBIની સ્થાપનાના ૯૦ વર્ષ પૂર્ણ થવા પર હું તમને બધાને અભિનંદન આપું છું.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે તમે જે નીતિઓ બનાવો છો અને તમે જે કામ કરો છો તે RBIની આગામી દાયકાની દિશા નક્કી કરશે. આ દાયકો એ દાયકો છે જે આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે અને આ દાયકો વિકસિત ભારતની સંકલ્પ યાત્રા માટે એટલો જ મહત્વપૂર્ણ છે. આગામી દાયકો આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે. હું RBIને તેના લક્ષ્યો અને સંકલ્પો માટે અભિનંદન આપું છું.

PM મોદીએ કહ્યું કે, ૨૦૧૪માં જ્યારે હું રિઝર્વ બેંકના ૮૦ વર્ષના કાર્યક્રમમાં આવ્યો ત્યારે પરિસ્થિતિ સાવ અલગ હતી. ભારતનું સમગ્ર બેંકિંગ ક્ષેત્ર સમસ્યાઓ અને પડકારો સાથે સંઘર્ષ કરી રહ્યું હતું. દરેક વ્યક્તિ NPAને લઈને ભારતની બેંકિંગ સિસ્ટમની સ્થિરતા અને ભવિષ્ય વિશે આશંકાઓથી ભરેલી હતી. આજે જુઓ, ભારતની બેંકિંગ સિસ્ટમ વિશ્વમાં એક મજબૂત અને ટકાઉ સિસ્ટમ તરીકે ગણવામાં આવે છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે પણ થયું તે માત્ર ટ્રેલર છે. હજુ ઘણું કરવાનું બાકી છે, આપણે હજુ દેશને આગળ લઈ જવાનો છે.

### ડીએમકેએ તમિલનાડુના હિતોની રક્ષા માટે કંઈ કર્યું નથી

# કોંગ્રેસ પછી કચ્ચાતિવુને લઈને DMK પર મોદીએ કર્યા પ્રહાર

## મોદીએ કહ્યું કે, તેઓએ અમારા ગરીબ માછીમારો અને માછીમાર મહિલાઓના હિતોને નુકસાન પહોંચાડ્યું છે

નવી દિલ્હી, તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે શ્રીલંકાને ભારતના કચ્ચાતિવુ ટાપુને સોંપવા પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને આજે પીએમએ DMK (દ્રવિડ મુનેત્ર કઝગમ) પર હુમલો કર્યો હતો. પીએમએ કહ્યું કે નિવેદનો આપવા સિવાય ડીએમકેએ તમિલનાડુના હિતોની રક્ષા માટે કંઈ કર્યું નથી.હકીકતમાં તાજેતરમાં માહિતી અધિકાર (RTI) હેઠળ એક રિપોર્ટ સામે આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે કોંગ્રેસ સરકારના સમયમાં વર્ષ ૧૯૭૪માં ભારતનો કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકાને સોંપવામાં આવ્યો હતો. પીએમ મોદીએ આ મામલે વધુમાં કહ્યું કે કચ્ચાતિવુ પર બહાર આવેલી નવી વિગતોએ ઢસ્દ્રના બેવડા માપદંડોને સંપૂર્ણપણે ઉજાગર કરી દીધા છે. વાસ્તવમાં એક અન્ય અહેવાલ સામે આવ્યો છે જે દર્શાવે છે કે તે સમયે તમિલનાડુના સીએમ એમ કરુણાનિધિને આ સમજૂતીની જાણ હતી અને તેઓ વડા પ્રધાન ઈન્દિરા ગાંધી સાથે શ્રીલંકાને કચ્ચાતિવુ સોંપવા માટે સંમત થયા હતા. કોંગ્રેસ અને ડીએમકે પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસ અને ડીએમકે પરિવારનું એકમ છે. તેઓ માત્ર તેમના પોતાના પુત્ર-પુત્રીઓ આગળ વધે તેની કાળજી રાખે છે. તેઓ બીજા કોઈની પરવા કરતા નથી. કચ્ચાતિવુ ટાપુ પર તેમની અસંવેદનશીલતાએ ખાસ કરીને આપણા ગરીબ માછીમારો અને માછીમાર મહિલાઓના હિતોને નુકસાન પહોંચાડ્યું છે. ૧૯૭૪માં જ્યારે કોંગ્રેસ સત્તામાં હતી, ત્યારે ઈન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળની સરકારે ભારતના માછીમારો ત્યાં જઈ શકશે તેવા કરાર પર શ્રીલંકાને ભારતનો કચ્ચાતિવુ ટાપુ આપ્યો હતો, પરંતુ બે વર્ષ પછી આ કરારની જરૂર પડી હતી. ભારત અને તેના માછીમારોને તે ટાપુ આપવા માટે અને આસપાસના વિસ્તારોમાંથી અધિકારો લેવામાં આવ્યા હતા.

જે બાદ હવે આરટીઆઈ રિપોર્ટમાં સામે આવ્યું છે કે તમિલનાડુના તત્કાલીન સીએમ એમ કરુણાનિધિને આ સમજૂતીની જાણ હતી અને તે તેના માટે સંમત થયા હતા. રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે સીએમને તેમના કેબિનેટ મંત્રીઓ પહેલા પણ આ સમજૂતીની જાણ હતી.

### લેફ્ટના મુખ્યમંત્રીએ રાહુલ ગાંધી પર ઉઠાવ્યા સવાલ

# મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાહુલ ગાંધી અને કોંગ્રેસની ટીકા કરી

### કોંગ્રેસ દ્વારા સૌથી પહેલા કરવામાં આવેલી ફરિયાદના કારણે જ દિલ્હીના મુખ્યમંત્રી જેલમાં છે : વિજયન

નવી દિલ્હી, તા.૧

દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકની વિરોધ રેલીના એક દિવસ બાદ સોમવારે મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાહુલ ગાંધી અને કોંગ્રેસની ટીકા કરી છે. રેલીમાં રાહુલની સાથે સીપીઆઈ(એમ)ના મહાસચિવ સીતારામ યેચુરી પણ સામેલ હતા. કોંગ્રેસ પર નિશાન સાધતા સીએમ વિજયને કહ્યું કે, કોંગ્રેસ દ્વારા સૌથી પહેલા કરવામાં આવેલી ફરિયાદના કારણે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જેલમાં છે.

સીએમ વિજયન કોઝિકોડ અને પોતાની આસપાસના તેમના ચૂંટણી પ્રચાર પહેલા મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. તેમણે વાયનાડ લોકસભા બેઠક પરથી ફરી ચૂંટણી લડી રહેલા રાહુલ ગાંધી પર પ્રહાર કર્યા હતા. તેમની સામે ઈન્ડિયા બ્લોકમાં સામેલ સીપીઆઈ ઉમેદવાર મેદાનમાં છે.

સીએમ વિજયને કહ્યું, આપણે બધા જાણીએ છીએ કે, રાહુલ કોંગ્રેસ પાર્ટીના સૌથી મોટા નેતા છે. જરા જુઓ તેઓ તેમના મતવિસ્તાર વાયનાડમાં કોની સામે ચૂંટણી લડી રહ્યા છે. તેઓ સીપીઆઈના એની રાજા સામે ચૂંટણી લડી રહ્યા છે જ્યારે કોંગ્રેસ અને સીપીઆઈ ઈન્ડિયા બ્લોકનો હિસ્સો છે. વિજયને કહ્યું કે તેઓ ભાજપનો સામનો કરવાને બદલે સીપીઆઈના ઉમેદવારને ટક્કર આપી રહ્યા છે. સંયોગથી વાયનાડમાં ભાજપ પોતાના પ્રદેશ અધ્યક્ષ કે. સુરેન્દ્રનને મેદાનમાં ઉતારીને આશ્ચર્યજનક ઉમેદવાર તરીકે સામે આવી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મ્નૌં-મ્હૃતજીએ એકસાથે મળીને ચૂંટણી લડી અને તુષાર વેલ્લાપલ્લી એવા ઉમેદવાર હતા જે ત્રીજા સ્થાન પર રહ્યા હતા. તેમને લગભગ ૭૮,૦૦૦ મતો મળ્યા હતા જે માત્ર ૭.૨૫% હતા, જ્યારે રાહુલ ગાંધીએ ૪.૩૧ લાખથી વધુ મતોના વિશાળ માર્જિનથી જીત પ્રાપ્ત કરી હતી જે કેરળમાં ૨૦૧૯ની લોકસભા બેઠકોમાં સૌથી વધુ અંતર છે.

### પંચે નિવેદનોને લઈને સાવચેત રહેવા ચેતવણી આપી

# ચૂંટણી પંચે ભાજપના ઘોષ-કોંગ્રેસના સુપ્રિયા શ્રીનેતને લગાવી ફટકાર

### બંને નેતાએ મહિલાઓ અંગે આપ્યું હતું વાંધાજનક નિવેદન

નવી દિલ્હી, તા.૧

ચૂંટણી પંચે ભાજપના સાંસદ દિલીપ ઘોષ અને કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતને તેમના દ્વારા મહિલાઓને લઈને આપવામાં આવેલા વાંધાજનક નિવેદન પર ફટકાર લગાવી છે. આયોગે આ સાથે જ બંને નેતાઓને ચેતવણી આપી છે કે, પોતાના નિવેદનોને લઈને સાવધાન રહે અને પંચની હવે તેમના પર ચૂંટણી દરમિયાન ખાસ નજર રહેશે. ચૂંટણી પંચે બંને નેતાઓને ચૂંટણી આચાર સંહિતાના ઉલ્લંઘનના માટે દોષી ઠેરવ્યા છે અને ભવિષ્યમાં જાહેર નિવેદનો અંગે સતર્ક રહેવાનો નિર્દેશ આપ્યો છે. ભાજપ સાંસદ દિલીપ ઘોષ અને કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતના નિવેદનોને લઈને ચૂંટણી પંચે બંને નેતાઓને નોટિસ પાઠવીને તેમના જવાબ માંગ્યા હતા. તેમના જવાબમાં બંને નેતાઓએ સ્વીકાર્યું કે તેઓએ ચૂંટણી આચાર સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે અને વ્યક્તિગત પ્રહાર કર્યા છે. જવાબ મળ્યા બાદ પંચે બંને નેતાઓને ચેતવણી આપી છે કે તેઓ ભવિષ્યમાં જાહેર નિવેદનો કરતા સાવચેતી રાખે. આ સાથે જ ચૂંટણી દરમિયાન બંને નેતાઓના નિવેદનોની ચૂંટણી પંચ દ્વારા ખાસ સમીક્ષા કરવામાં આવશે. પંચે કહ્યું કે બંને નેતાઓએ નિમ્ન સ્તરના વ્યક્તિગત પ્રહાર કર્યા છે અને આ આદર્શ આચાર સંહિતાની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. તેમને આદર્શ આચાર સંહિતાના સમયગાળા દરમિયાન જાહેર નિવેદનોમાં સાવધાની રાખવાની ચેતવણી આપવામાં આવી છે. પંચ દ્વારા સોમવારથી આ બંને નેતાઓના ચૂંટણી સંબંધિત સંવાદ પર વિશેષ અને વધારાની દેખરેખ રાખવામાં આવશે. પંચે પોતાની ચેતવણી નોટિસની કોપી પાર્ટીના અધ્યક્ષોને પણ મોકલી છે જેથી તેઓ પણ પોતાની પાર્ટીના નેતાઓને ચૂંટણી આચાર સંહિતાના ઉલ્લંઘન અને વાંધાજનક નિવેદનને લઈને ચેતવણી આપી શકે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે ફિલ્મ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશની મંડી સીટ પરથી બીજેપી ઉમેદવાર કંગના રનૌત અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. આ અંગે વિવાદ થયો હતો અને ભાજપે આ અંગે કોંગ્રેસના નેતાને ઘેર્યા હતા. બાદમાં સુપ્રિયા શ્રીનેતે પોતાના નિવેદન અંગે સ્પષ્ટતા આપવી પડી હતી. બીજી તરફ બીજેપી સાંસદ દિલીપ ઘોષે ચૂંટણી પ્રચાર દરમિયાન બંગાળના સીએમ મમતા બેનર્જી વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી. જેના પર ચૂંટણી પંચે દિલીપ ઘોષ અને સુપ્રિયા શ્રીનેતને નોટિસ પાઠવીને જવાબ માંગ્યો હતો.

### પરષોત્તમ રુપાલાનો દાવો

# મને કોઈએ દિલ્હી નથી બોલાવ્યો, ક્ષત્રિય સમાજે મને માફ કર્યો છે

### રાજકોટ લોકસભા બેઠક પર કોઇ ફેરફાર હોય તો તે દિલ્હી દરબારથી નક્કી થશે : કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રુપાલા

રાજકોટ, તા.૧

રાજકોટમાં લોકસભાની ચૂંટણી લડી રહેલા ભાજપના ઉમેદવાર અને કેન્દ્રિય મંત્રી પરષોત્તમ રુપાલા ક્ષત્રિય સમુદાય વિશે ટિપ્પણી કરીને ફસાઈ ગયા છે. તેમણે ક્ષત્રિયોની વારંવાર માફી માગી લીધી છે છતાં આ મુદ્દો શાંત નથી થયો. આ દરમિયાન એવી વાતો વહેતી થઈ હતી કે રાજકોટની બેઠક પરથી રુપાલાને બદલવામાં આવશે અને તેમને દિલ્હી પણ બોલાવવામાં આવ્યા છે. જોકે, રુપાલાએ પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે તેમને કોઈએ દિલ્હી બોલાવ્યા નથી. તેમણે એમ પણ કહ્યું કે ક્ષત્રિય સમાજે મને માફ કરી દીધો છે.રૂપાલાએ દલિત સમાજના કાર્યક્રમમાં રાજા-મહારાજાઓ વિશે ટિપ્પણી કરી હતી. હવે તેમણે કહ્યું કે દલિત સમાજનો કાર્યક્રમ મારો સત્તાવાર કાર્યક્રમ ન હતો. આ વિવાદ પર પહેલી વખત જાહેરમાં વાત કરતા રૂપાલાએ કહ્યું કે, દલિત સમાજના કાર્યક્રમમાં હું પ્રચાર માટે ગયો ન હતો. રાજકોટ લોકસભા બેઠક પર કોઈ ફેરફાર હોય તો તે દિલ્હી દરબારથી નક્કી થશે.ક્ષત્રિય સમાજની નારાજગી અંગે તેમણે જણાવ્યું કે ક્ષત્રિય સમાજ વિશે મારાથી ટીપ્પણી થઈ તે મારી ભૂલ હતી. ક્ષત્રિય સમાજની લાગણીને હાનિ પહોંચી હોય તો હું માફી માંગુ છું. મેં ક્ષત્રિય સમાજની માફી માંગી લીધી છે. ક્ષત્રિય સમાજ આગેવાનોએ મને માફ કર્યો છે.તાજેતરમાં ગોંડલના ભૂતપૂર્વ ધારાસભ્ય અને ભાજપના આગેવાન જયરાજ સિંહ જાડેજાએ પોતાને ત્યાં એક બેઠક બોલાવી હતી જેમાં રુપાલા હાજર રહયા હતા. આ બેઠકમાં રુપાલાએ ક્ષત્રિય સમાજની બે હાથ જોડીને માફી માગી લીધી હતી. ત્યાર પછી જયરાજસિંહ જાડેજાએ આ વિવાદ હવે પૂરો થયો તેમ કહી દીધું હતું. જોકે, હજુ પણ ઘણા ક્ષત્રિય આગેવાનો આ માફી સ્વીકારવા તૈયાર નથી અને તેમણે રુપાલાની જગ્યાએ બીજા કોઈને ઉમેદવાર બનાવવાની માગણી કરી છે.

રુપાલાએ રાજકોટની લોકસભા બેઠક વિશે કહ્યું કે, મોહનભાઈ કુંડારિયા ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરે તે પહેલાથી નક્કી છે. પાર્ટીમાં ઉમેદવાર કોણ હોય તે હું નક્કી નથી કરતો. મને દિલ્લી બોલાવવામાં આવ્યો નથી. હું કેબિનેટની બેઠકમાં ભાગ લેવા જઈ શકું છું. મોહન કુંડારિયા ડમી ઉમેદવાર તરીકે ફોર્મ ભરવાના છે.પરષોત્તમ રૂપાલા દ્વારા તાજેતરમાં રાજા-મહારાજાઓ વિશે બફાટ કરવામાં આવ્યો હતો જેના કારણે સમાજમાં રોષની લાગણી પ્રવર્તે છે. ક્ષત્રિય સમાજે ગોંડલમાં જયરાજસિંહ દ્વારા થયેલા રાજકીય સમાધાનને માન્ય રાખવાનો ઈનકાર કર્યો છે. તેમનું કહેવું છે કે આ બેઠકમાં માત્ર ભાજપના આગેવાનો જ હાજર હતા. ભાજપે આ વિવાદમાં અત્યાર સુધી ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ તેમાં સફળતા મળી નથી.

### વૈશ્વિક બજારમાં સોનાના ભાવમાં તેજી

# સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી, દસ ગ્રામનો ભાવ ૭૧,૦૦૦ ને પાર

### સોનાની માંગમાં વધારો થઈ રહ્યો છે, જેના કારણે પીળી ધાતુના ભાવ પણ વધી રહ્યા છે અને હવે નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે

મુંબઈ, તા.૧

સૌથી મહત્વપૂર્ણ કિંમતી ધાતુઓમાં ગણવામાં આવતા સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જબરદસ્ત તેજી વચ્ચે સોનાએ નવા ઈતિહાસ સાથે નવા નાણાકીય વર્ષની શરૂઆત કરી છે. આજે, ૧ એપ્રિલના રોજ, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ જીવનકાળના નવા ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. અમદાવાદમાં સોનાનો ભાવ ૭૧,૨૦૦ રૂપિયા બોલાયો છે. આ ભાવ દસ ગ્રામ અને ૨૪ કેરેટનો છે. સોમવારે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ દિવસે, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૨,૨૬૩.૫૩ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી હતી. આજે સોનાની શરૂઆત લગભગ ઈ૨,૨૩૩ પ્રતિ ઔંસથી થઈ હતી, પરંતુ થોડા જ સમયમાં ભાવ તેમના નવા રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આવેલી આ જબરદસ્ત તેજીની અસર સ્થાનિક બજારમાં પણ જોવા મળી રહી છે. આજે ખુલતાની સાથે જ એમસીએક્સ પર સોનાની કિંમત વધી રહી હતી અને ટ્રેડિંગના ટૂંકા ગાળામાં જ તે નવા રેકોર્ડ સ્તરને સ્પર્શી ગયો હતો. ઈન્ટ્રાડેમાં, એમસીએક્સ પર એપ્રિલ ગોલ્ડ કોન્ટ્રાક્ટ રૂ. ૬૯,૪૮૭ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચ્યો હતો, જે અત્યાર સુધીના ઈતિહાસમાં સોનાનું સર્વોચ્ચ સ્તર છે. તે જ સમયે, જૂન કોન્ટ્રાક્ટની કિંમત વધીને ૬૮,૭૧૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. સોનાના ભાવમાં વર્તમાન વધારો આકસ્મિક નથી. હકીકતમાં, સોનું પરંપરાગત રીતે રોકાણકારોનું પ્રિય સાધન રહ્યું છે. જ્યારે અનિશ્ચિતતા વધે છે ત્યારે સોનાની માંગ વધે છે. વિશ્વભરના રોકાણકારો પીળી ધાતુને સૌથી સુરક્ષિત રોકાણ માને છે. આ કારણે જ્યારે પણ વધતા જિયોપોલિટિકલ ટેન્શન કે અન્ય કારણોસર આર્થિક પરિસ્થિતિ અનિશ્ચિત બને છે ત્યારે રોકાણકારો સોના પાછળ દોડવા લાગે છે. ભૌગોલિક રાજકીય તણાવ અત્યારે ખૂબ જ વધારે છે. પૂર્વ યુરોપમાં રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના ઉકેલના કોઈ સંકેતો નથી. ઈઝરાયેલ પર હમાસના હુમલા બાદ પશ્ચિમ એશિયામાં સતત તણાવ વધી રહ્યો છે. આ બધાની વચ્ચે યુએસ સેન્ટ્રલ બેંક ફેડરલ રિઝર્વના સંકેતોથી પણ સોનાના ભાવને ટેકો મળ્યો છે. ફેડરલ રિઝર્વે આ વર્ષે વ્યાજદરમાં ત્રણ ઘટાડાનો સંકેત આપ્યો છે. ઓછા વ્યાજદરને કારણે બોન્ડ યીલ્ડમાં ઘટાડો થાય છે, જેના કારણે રોકાણકારો વિકલ્પો શોધવાનું શરૂ કરે છે. સામાન્ય રીતે સૂવાથી તેનો સૌથી વધુ ફાયદો થાય છે.

### શિક્ષિકાને બૂથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી હતી

# પ્રાથમિક શાળાની શિક્ષિકા ચૂંટણીની કામગીરીમાં ન જોડાતા અટકાયત કરાઇ

### પોતાના વિસ્તારની બહાર કામગીરી હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો

અમદાવાદ, તા.૧

શિક્ષિકાને બૂથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી હતી. જો કે પોતાના વિસ્તારની બહાર કામગીરી હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો. ઘાટલોડિયા વિધાનસભામાં BLOની કામગીરી કરવાનોનો શિક્ષિકાએ અસ્વિકાર કર્યો હતો.

અમદાવાદમાં ચૂંટણીની કામગીરીમાં ન જોડાતા શિક્ષિકા સામે કાર્યવાહી કરવામાં આવી છે. ચેનપુર પ્રાથમિક શાળાની શિક્ષિકા સામે પોલીસે અટકાયતી પગલા લીધા છે. શિક્ષિકા હિનલ પ્રજાપતિને બૂથ લેવલ ઓફિસરની કામગીરી સોંપવામાં આવી હતી. જો કે પોતાના વિસ્તારની બહાર કામગીરી હોવાથી શિક્ષિકાએ આ કામગીરીમાં જોડાવાનો ઈનકાર કરી દીધો હતો. ઘાટલોડિયા વિધાનસભામાં BLOની કામગીરી કરવાનોનો શિક્ષિકાએ અસ્વિકાર કર્યો હતો.શિક્ષિકાએ પોતાના વિસ્તારમાં ચૂંટણીની કામગીરી સોંપવાની માગ કરી હતી. શિક્ષિકાએ ચૂંટણી કામ નહીં કરતા મામલતદારે આ શિક્ષિકાની અટકાયતનો હુકમ કર્યો હતો. જેના પગલે પોલીસે શિક્ષિકાની અટકાયત કરી હતી.શિક્ષિકા સામે અટકાયતી પગલાંને લઈને ડેપ્યુટી કલેક્ટરે જણાવ્યુ હતુ કે નોટિસ આપી હોવા છતાં હાજર ન રહેતા શિક્ષિકા સામે વોરંટ અપાયું છે. લેખિત રજૂઆતના આધારે ખુલાસો કરવા તેમને કહેવામાં આવ્યુ હતું. શિક્ષિકાની રજૂઆતો યોગ્ય લાગતા બીજા ભાગમાં ડ્યુટી માટે કહેવાયુ છે.

### ૮મી એપ્રિલે સૂર્યગ્રહણ

# શું ચશ્મા વિના સૂર્ય ગ્રહણ જોવાથી આંધળા થઈ જવાય છે? જાણો શું કહે છે નિષ્ણાતો

### ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે : ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે

નવી દિલ્હી, તા.૧

ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે.ગ્રહણને લઈને ભારતીય સમાજમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને વાતો છે. ખાસ કરીને સૂર્યગ્રહણને વધુ વિશેષ માનવામાં આવે છે, તેથી જ ભારતીય સમાજ અને સમગ્ર વિશ્વમાં તેના વિશે વધુ ગંભીર કહાનીઓ ફેલાયેલી છે. જેમ કે કહેવાય છે કે સૂર્યગ્રહણ નરી આંખે જોઈ શકાતું નથી. જો કોઈ આવું કરશે તો તે અંધ બની જશે. પરંતુ હવે પ્રશ્ન એ થાય છે કે શું ખરેખર આવું થાય છે. ચાલો તમને આ પ્રશ્નનો જવાબ આપીએ. ૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સમગ્ર અમેરિકામાં સૂર્યગ્રહણ જોવા મળશે. આ પૂર્ણ સૂર્યગ્રહણ હશે. આવી સ્થિતિમાં ઘણા લોકોના મનમાં એક પ્રશ્ન હોય છે કે જો તેઓ આ સૂર્યગ્રહણ ચશ્મા વિના જોશે તો શું તેમની આંખોની રોશની ઘટી જશે? જ્યારે જે લોકો પાસે ચશ્મા નથી તેઓ કોઈ બીજી વસ્તુની મદદથી સૂર્યગ્રહણ જુએ છે. ઘણી વખત ભારતીય ગામડાઓમાં લોકો એક્સ-રે શીટ્સની મદદથી આ પ્રકારના સૂર્યગ્રહણને જુએ છે.આ મામલે અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે જો તમે સૂર્યગ્રહણને નરી આંખે જોશો તો તે તમને અંધ નહીં બનાવી દે. જો કે, જો તમે લાંબા સમય સુધી સૂર્યને જોતા રહો તો તે તમારી આંખોના રેટિનાને અસર કરી શકે છે. હકીકતમાં, પૂર્ણ સૂર્યગ્રહણમાં, ૯૯ ટકા સૂર્ય ઢંકાયેલો હોવા છતાં, તેની કિનારીઓમાંથી માત્ર એક ટકા પ્રકાશ મળે છે.આ પ્રકાશ તમારી આંખોને અસર કરી શકે છે અને તમારા રેટિનાને નુકસાન પહોંચાડી શકે છે. તેથી, જ્યારે પણ તમે સૂર્યગ્રહણ જુઓ ત્યારે તમને ચશ્માનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે. ધ્યાનમાં રાખો કે આ ચશ્મા પારદર્શક ન હોવા જોઈએ પરંતુ સનગ્લાસ હોવા જોઈએ, એટલે કે તેમના ચશ્મા કાળા હોય તો વધુ સારું રહેશે.

### ઉપલેટામાં પણ લાગ્યા વિરોધના પોસ્ટર

# રૂપાલાની વિરુદ્ધ રાજકોટમાં ૧૦૦ ક્ષત્રિયાણી લડશે ચૂંટણી

### રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલે આ મામલે જાહેરાત કરી હતી

રાજકોટ, તા.૧

લોકસભા ચૂંટણીમાં રાજકોટ બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલા વિરુદ્ધ ક્ષત્રિયો સમાજનો આક્રોશ ઓછો થવાનું નામ લઈ રહ્યો નથી. રૂપાલાના વિરોધમાં ક્ષત્રિય સમાજની મહિલાઓએ નવી રણનીતિ અપનાવી હતી. રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષે જાહેરાત કરી હતી કે રાજકોટમાં ક્ષત્રિય સમાજની ૧૦૦ મહિલાઓ ઉમેદવારી નોંધાવશે. રાજકોટ લોકસભા બેઠક પરથી એક સાથે ૧૦૦ ક્ષત્રિયાણીઓ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવશે. રાજપૂત સમાજની સંકલન સમિતિના મહિલા અધ્યક્ષ તૃપ્તિબા રાઓલે જાહેરાત કરી હતી.સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ક્ષત્રિય સમાજમાં રૂપાલા સામે આક્રોશ યથાવત છે. પી.ટી.જાડેજાએ કહ્યું હતું કે ભાજપને ૪૦૦ નહીં, ૪૪૦ સીટ અપાવીશું પણ રૂપાલાને હટાવો. તેમણે ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમને હટાવવામાં નહીં આવે તો પાંચ લાખ રાજપૂતો ભેગા કરીશું.

ભાજપ નેતા પરશોત્તમ રૂપાલાના ક્ષત્રિયો મહિલાઓના વિરૂદ્ધમાં કરવામાં આવેલી ટિપ્પણી બાદ વિરોધ શાંત નથી થઈ રહ્યો, રાજ્યમાં ઠેર ઠેર ક્ષત્રિયો મેદાનમાં ઉતર્યા છે, રાજકોટ, સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ક્ષત્રિય સંગઠન મેદાનમાં આવ્યા છે, અને પરશોત્તમ રૂપાલાની ટિકિટ પાછી ખેંચવાની ભાજપ પાસે માંગ કરી રહ્યાં છે. હવે આ કડીમાં વધુ બે રાજવી પરિવારો જોડાયા છે, ભાવનગર અને વઢવાણ રાજવી પરિવારે પણ પરશોત્તમ રૂપાલાની ટિપ્પણીનો વિરોધ કર્યો છે, અને ચૂંટણીમાં મતદાન થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે.

રૂપાલાના વિરોધમાં સૌરાષ્ટ્રના રાજવી પરિવારો પણ મેદાનમાં આવ્યા છે, ભાવનગર અને વઢવાણના રાજવી પરિવારોએ રૂપાલાના નિવેદનનો ખુલ્લો વિરોધ દર્શાવ્યો છે અને સમાજ વિરૂદ્ધ આવી ટિપ્પણી ના ચલાવી લેવાયનું કહ્યું છે, તેમને હવે આ લડતને આગળ લડવાનો પણ સંકલ્પ કર્યો છે. રાજકોટ બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજ કરી રહ્યો છે, રૂપાલાના નિવેદન પર હવે વઢવાણ રાજવી પરિવાર આક્રોશિત થયો છે. રાજવી પરિવારના સુધીરસિંહ ઝાલાએ આ સમગ્ર ઘટના પર આક્રોશ વ્યક્ત કર્યો છે. રૂપાલાની ટિકિટ રદ્દ ના થાય ત્યાં સુધી લડી લેવાનો સંકલ્પ કર્યો છે. સુધીરસિંહ ઝાલાએ આ વિરોધને યોગ્ય ગણાવ્યો છે. તેમને કહ્યું કે, આવા નિવેદનો કોઈપણ સંજોગોમાં ના ચલાવી લેવાય. મતદાન સુધી આ લડત ચાલુ રાખવા હૂંકાર કર્યો છે.વઢવાણ રાજવી પરિવાર ઉપરાંત ભાવનગર રાજવી પરિવારે પણ વિરોધમાં સૂર પૂરાવ્યો છે, તેમને પણ રૂપાલાના ક્ષત્રિય મહિલાઓ વિરૂદ્ધના નિવેદનોનો વિરોધ કર્યો છે, આજે પરશોત્તમ રૂપાલાને લઈને ભાવનગરના યુવરાજનું મોટું નિવેદન સામે આવ્યું છે. ભાવનગર યુવરાજ જયવીરરાજસિંહે કહ્યું કે, હું મારા સમાજ સાથે જ છું, આ નિવેદનથી વિરોધ થવાનો જ છે. આગેવાનો માટે સમાજ પછી પક્ષ હોવો જોઈએ. યુદ્ધભુમિમાં રાજપૂતો-મહારાજાઓએ બલિદાન આપ્યા છે.

બીજી તરફ રાજકોટના ઉપલેટામાં પરસોત્તમ રૂપાલા, જયરાજસિંહ જાડેજાના વિરોધમાં બેનર લાગ્યું હતું. ઉપલેટામાં પરસોત્તમ રૂપાલા, જયરાજસિંહ જાડેજા વિરુદ્ધમાં બેનર લાગ્યું હતું. રૂપાલા, જયરાજસિંહના ફોટા પર ચોકડી સાથેના બેનર લાગ્યા હતા. શહેરના જાહેર ચોકમાં પરસોતમ રૂપાલા અને જયરાજસિંહ જાડેજાના ફોટા પર લાલ ક્રોસ કરેલા ફોટા સાથે બેનરો લગાવાયા હતા. બેનરની અંદર "સમાજની વાત - પૂર્વજોનું અપમાન છત્રીયાળીનું અપમાન - સમાજને પડકાર કોઈપણ ચલાવી નહીં લેવાય" સ્લોગન સાથેના બેનર લાગ્યા હતા.ઉપલેટામાં પરસોતમ રૂપાલા સાથે લેવાદેવા ન હોવા છતાં પણ ઉપલેટામાં બેનરો લાગતા ચકચાર મચી ગઈ હતી. નોંધનીય છે કે ઘણા દિવસોથી પરસોતમ રૂપાલાનો ક્ષત્રિય સમાજને લઈને વિવાદ ચાલી રહ્યો છે. ગત દિવસે ગોંડલમાં બેઠક યોજાઈ હતી ત્યારબાદ પરસોતમ રૂપાલા ઉપલેટાના ગાયત્રી આશ્રમ ગધેથડ ખાતે પહોંચ્યા હતા.

### રાજ્યમાં ફરી એકવાર કોરોના બીમારી ફૂંફાડાં મારી રહી છે

# અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દીઓ નોંધાયા

### બદલાતા વાતારવણને લઈને રાજ્યમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યા છે

અમદાવાદ, તા.૧

રાજ્યમાં ફરી એકવાર કોરોના બીમારી ફૂંફાડાં મારી રહી છે. રાજ્યમાં કોરોનાના ૪૨ કેસ નોંધાયા. કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધવા સાથે એક વ્યક્તિનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. માર્ચના અંત સાથે ઠંડીએ વિદાય લીધા બાદ ગરમી તો ક્યાંક વરસાદનો માહોલ જોવા મળ્યો. બદલાતા વાતારવણને લઈને રાજ્યમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યા છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દી નોંધાયા. જ્યારે સ્વાઈન ફ્લુમાં સારવાર લઈ રહેલા ૬ દર્દીમાંથી ચારની તબિયત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં વધતા કોરોના એક્ટિવ કેસ અને સ્વાઈન ફ્લૂના દર્દીઓ વધતા તબીબોએ સાવચેત રહેવાની સલાહ આપી છે. ગરમીના હીટવેવ વધવા સાથે કોરોના અને સ્વાઈનફ્લૂ બીમારીનો પ્રકોપ પણ વધી રહ્યો છે. અસારવા સિવિલમાં કોરોનાના ૩ દર્દી ઑક્સિજન પર છે જ્યારે સ્વાઈન ફ્લૂના ૪ દર્દી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તો સિવિલમાં હાલ સૌથી વધુ વાયરલ ઈન્ફેકશનના ૧૦૦થી વધુ દર્દી નોંધાયા છે. રાજ્યમાં હવામાનમાં પલટો આવવા સાથે લોકો વાયરલ ઈન્ફેકશનો શિકાર થઈ રહ્યા છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દરરોજની ઓપીડીમાં ૮૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે.

અમદાવાદ ઉપરાંત પ્રથમ વખત વડોદરામાં ગોત્રી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂનો એક કેસ નોંધાયો. ગોત્રી હોસ્પિટલમાં સ્વાઈન ફ્લૂના દર્દીએ એક વૃદ્ધ છે જેમની અન્ય હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. જ્યારે સયાજી હોસ્પિટલમાંથી ૨ કોવિડ દર્દીને રજા આપવામાં આવી છે.

કોરોના સાથે સ્વાઈનફ્લૂના દર્દીઓ વધતા તબીબોએ લોકોને શક્ય બને ત્યાં સુધી કોરોના ગાઈડલાઈન ફોલો કરવા અપીલ કરી છે. તબીબોનું કહેવું છે કે કોરોના કાળની રોગપ્રતિકારક શક્તિ પ્રત્યે જાગૃકતા વધારવા સાથે સ્વચ્છતા જાળવવા અપીલ કરી છે.

### સરકારના એક નિર્ણયથી ખળભળાટ મચ્યો

# આર્જેન્ટિનામાં એક સાથે ૭૦ હજાર કર્મચારીઓની છટણી

### આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલીનું દેશની અર્થવ્યવસ્થા પર વધતા બોજને ઓછો કરવા મોટું પગલું

આર્જેન્ટિના, તા.૧

આર્થિક સંકટો સામે ઝઝૂમી રહેલા આર્જેન્ટિનામાં સરકારી કર્મચારીઓને મોટો ઝટકો મળવાનો છે. આર્જેન્ટિનામાં મોટા પાયે છટણી થવા જઈ રહી છે. એક સાથે ૭૦૦૦૦ કર્મચારીઓની નોકરી જશે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી દેશની અર્થવ્યવસ્થા પર વધતા બોજને ઓછો કરવા માટે મોટું પગલું ભરવા જઈ રહ્યા છે. આવનારા કેટલાક મહિનામાં આર્જેન્ટિનામાં ૭૦ હજાર લોકોની નોકરીઓ જશે. બ્લુમબર્ગના એક રિપોર્ટ મુજબ આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલી આવનારા કેટલાક મહિનામાં દેશભરમાં ૭૦૦૦૦ થી વધુ સરકારી કર્મચારીઓની છટણી કરવાના છે. અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના લાંબા સમયથી આર્થિક તંગીનો સામનો કરી રહ્યું છે. અર્થવ્યવસ્થા ભારે દબાણ હેઠળ છે. આવામાં દેશની ઈકોનોમી પરથી દબાણ ઓછું કરવા માટે સરકારે છટણીનો નિર્ણય લીધો છે. રિપોર્ટ મુજબ આર્જેન્ટિનામાં ૩૫ લાખથી વધુ સરકારી કર્મચારીઓ છે. આવામાં સરકારને આશા છે કે ૭૦ હજાર કર્મચારીઓની છટણીથી મોટી અસર નહીં પડે. એવું માનવામાં આવી રહ્યું છેકે સરકાર ૧૫ ટકા જેટલા કર્મચારીઓની કોન્ટ્રાક્ટ રિન્યૂ કરશે નહીં. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ ઝેવિયર માઈલીએ કહ્યું કે છેલ્લા કેટલાક સમયમાં દેશ અને દુનિયામાં મોટા પાયે છટણી થઈ રહી છે. સરકાર પબ્લિક સેકટરમાં કામ કરતા ૭૦ હજાર કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરશે. જોકે આવું પહેલીવાર નથી બન્યું. સરકાર અગાઉ ૫૦,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી ચૂકી છે. રિપોર્ટ મુજબ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધીમાં આ કર્મચારીઓના કોન્ટ્રાક્ટ ખતમ કરી દેવાની વાત કહેવાઈ હતી. અત્રે જણાવવાનું કે આર્જેન્ટિના ભારે આર્થિક સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. મોંઘવારી દર ૧૦૪ ટકા પાર થઈ ચૂક્યો છે. બંપર મોંઘવારીએ આર્જેન્ટિનાને ભારે ગરીબીમાં ધકેલી દીધુ છે. ૧૯૦૦ના દાયકાનો અમીર દેશ આજે ભીખારી જેવી સ્થિતિમાં છે. ભારે કરજ, મુદ્રા સંકટ, ફુગાવાએ અર્થવ્યવસ્થાને હચમચાવી દીધી છે. કેન્દ્રીય બેંક ભંડાર ઝડપથી ઘટી રહ્યો છે. વિદેશી ભંડારની કમી વચ્ચે લડખડાતી કરન્સીને સંભાળવાના પગલે સરકારે કરન્સી ઘટાડી દીધી. હવે સરકાર નોકરીઓમાં કાપ મૂકી રહી છે.

# અમરેલીમાં શકિત ગૃપ દ્વારા ગરીબ બાળકોને ચંપલ વિતરણ



શકિત ગૃપ દ્વારા સાવરકુંડલા રોડ ભટ્ટી વિસ્તારમાં બાળકોને ચંપલ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળામાં ધગધગતા અસહ્ય તાપમાનમાં બહાર નીકળવું મુશ્કેલ છે. આ વાત શકિત ગૃપની સેવાકીય કાયકરો દ્વારા ચંપલ વિતરણ કરવામાં આવે છે. ત્યારે અમરેલી શહેરના સેવાભાવી શકિત ગૃપ દ્વારા અમરેલી સાવરકુંડલા રોડ પર આવેલા ભટ્ટી વિસ્તારમાં શકિત ગૃપના અશોકભાઈ વાળા, વિજયભાઈ ધંધુકીયા, વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના પ્રમુખ સુરેશભાઈ ગોંડલીયા, હરેશભાઈ ધંધુકીયા, ધર્મેશભાઈ દેવગાણીયા, અરવિંદભાઈ આંબલીયા, વિકાસભાઈ પ્રજાપતિ, જીતુભાઈ દેવગાણીયા વગેરે લોકોએ સાથે મળીને સેવાકીય સહકાર આપ્યો હતો અને વાટલિયા પ્રજાપતિ જ્ઞાતિના પ્રમુખ સુરેશભાઈ ગોંડલીયા તથા વિજયભાઈ ધંધુકીયા દ્વારા આ તકે સેવાકીય કાર્યમાં સહયોગ અને સેવાનું યોગદાન આપ્યું હતું. શકિત ગૃપ સેવા કાર્યમાં સહકાર બદલ અશોકભાઈ વાળાએ આભાર માન્યો છે.

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, સેજલ મુકેશકુમાર સંઘાણી. મારૂ જુનું નામ સેજલબેન મુકેશભાઈ સંઘાણી માંથી બદલીને, સેજલ મુકેશકુમાર સંઘાણી કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.

લી.
સેજલ મુકેશકુમાર સંઘાણી

## CHANGE OF

I, Dhandhukiya Baliben Dhanajibhai alias Dhandhukiya Baliben Dhanajibhai, D/o Dhandhukiya Dhanajibhai, R/o 73, nadi kathe valardi road, CHAMARDI, PO; Chamardi, DIST; Amreli, Gujarat.365410, have changed my name to Dhandhukiya kritika Dhanajibhai for all future purposes.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૭૧ |
| ૨ | મગફળી | ૧૦૮૮ | ૧૧૯૮ |
| ૩ | ઘઉં | ૪૭૦ | ૬૦૦ |
| ૪ | ચણા | ૧૦૬૪ | ૧૧૦૦ |
| ૫ | જીરૂ | ૩૯૦૫ | ૪૬૭૫ |
| ૬ | ધાણા | ૧૨૨૫ | ૧૬૭૫ |
| ૭ | મેથી | ૯૪૦ | ૧૧૧૦ |
| ૮ | રાઈ | ૧૦૨૦ | ૧૨૪૦ |
| ૯ | તુવેર | ૧૪૩૦ | ૧૭૬૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૩૦ | ૧૧૮૬ |
| ૨ | શિંગ મોટી | ૮૯૦ | ૧૨૩૬ |
| ૩ | શીંગદાણા ફાડા | ૯૨૦ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૭૫૦ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૪૬૭ |
| ૬ | જુવાર | ૫૨૨ | ૧૦૨૬ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૧૨ | ૬૫૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૨ | ૫૩૮ |
| ૯ | ચણા | ૯૧૦ | ૧૧૦૫ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૩૩૬ |
| ૧૧ | તુવેર | ૧૨૦૦ | ૧૮૫૬ |
| ૧૨ | કપાસ | ૧૦૨૦ | ૧૫૬૩ |
| ૧૩ | એરંડા | ૭૫૦ | ૧૧૩૩ |
| ૧૪ | જીરૂ | ૩૩૫૨ | ૪૯૧૦ |
| ૧૫ | રાયડો | ૮૩૨ | ૮૬૫ |
| ૧૬ | રાય | ૭૩૦ | ૧૧૮૦ |
| ૧૭ | ધાણા | ૧૨૪૦ | ૨૦૫૦ |
| ૧૮ | ધાણી | ૧૪૧૫ | ૨૨૯૦ |
| ૧૯ | અજમા | ૨૨૧૦ | ૨૭૫૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૧૦૬૨ |
| ૨૧ | મરચા લાંબા | ૭૦૦ | ૪૩૫૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલાના આંબરડી ગામનાં યુવકને

ગયેલ છે. અને દર્દી ને એક વ્યસન હતું તે પહેલા તે છેલ્લા ૧૦ વર્ષથી માવા ફાકી નું વ્યસન હતું. તે પણ આ મુકાઈ ગયેલ છે.

શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે અસરકારક સારવાર મેળવ્યા બાદ સામાન્ય જીવન જીવી શકાય તેવું નવજીવન મળતા દર્દી સંજયભાઈ તથા તેમના પિતા ધીરૂભાઈએ માનસિક રોગ નિષ્ણાંત ડો. ભાવિન કાદાવાલા તથા વિનામૂલ્યે ઉતમ કક્ષાની સારવારની સુવિધા ઉભી કરવા બદલ ગજેરા ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરાનો ખુબ–ખુબ આભાર વ્યકત કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## ખાંભામાં રાજપુત ક્ષત્રિય સમાજે

સ્વરૂપે ખાંભા મામલતદારને આવેદન પત્ર પાઠવીને પરષોત્તમ રૂપાલાનો વિરોધ નોંધાવ્યો હતો અને ભાજપ દ્વારા રૂપાલા ની ટિકિટ પાછી ખેંચવા માટે રજૂઆત કરવામાં આવી હતી અને અન્યથા ભાજપને જે મત આપતાં ક્ષત્રિયો હવે ક્યારેય ભાજપ ને મત નહિ આપે તેમજ ભાજપ ના નેતાઓનો બહિષ્કાર કરશે જયારે આગામી દિવસોમાં પુરષોતમ રૂપાલા વિરૂદ્ધ આ આંદોલન ઉગ્ર બને તે સંભાવના નકારી શકતી નથી.

આ આવેદનપત્ર પાઠવવામાં શંભુગીરીબાપુ વાદળીયા હનુમાનના મહંત દ્વારા જણાવ્યું હતું કે આવા વ્યક્તિ ને ભાજપ દ્વારા ટિકિટ પાછી ખેંચી લેવી જોઈએ જયારે પુરષોતમ રૂપાલા એ માત્ર ક્ષત્રિયોનું નહિ પરંતુ સમગ્ર નારી જાતિનું અને માતા સીતા તેમજ ભગવાન રામનું પણ અપમાન કર્યું છે કારણ કે ભગવાન રામ પણ ક્ષત્રિય હતા અને હું ક્ષત્રિય સાથે રહેવાનો છું અને ક્ષત્રિય સાથે જ છું એમ જણાવ્યું હતું.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૪૮૮ |
| ૨ | ચણા | ૧૭૮૫ | ૧૭૮૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૧ | ૧૨૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૧૧ |
| ૩ | જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ૪ | કપાસ | ૧૧૫૧ | ૧૪૭૩ |
| ૫ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૫ |
| ૭ | બાજરો | ૩૮૦ | ૫૧૫ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૮૬૧ |
| ૯ | મકાઈ | ૪૫૧ | ૫૧૧ |
| ૧૦ | ચણા | ૧૦૫૧ | ૧૧૪૦ |
| ૧૧ | ચણા દેશી | ૧૧૫૧ | ૧૩૯૧ |
| ૧૨ | તુવેર | ૧૪૫૦ | ૨૦૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | ૧૧૨૧ |
| ૧૪ | મેથી | ૬૦૦ | ૧૦૦૦ |
| ૧૫ | રાય/રાયડો | ૮૦૦ | ૮૫૧ |
| ૧૬ | ધાણા | ૧૦૦૦ | ૧૪૫૧ |
| ૧૭ | સોયાબીન | ૬૫૦ | ૮૫૧ |

પાના ૧ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં રોહિસા ગામે

રોહીસા ગામે બાંભણીયા જાદવભાઈ નામનાં આધેડ એક વાડીમાં કામ કરતાં હોય. ત્યારે ત્યાં અચાનક જ એક મધમાખીનું ઝુંડ ત્રાટકતા આ મધમાખીના હુમલાથી ઈજાગ્રસ્ત આધેડને જાફરાબાદ ખાતે હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. ત્યારે મધમાખીનાં હુમલાની ઘટનાથી ખેતમજુરમાં ભયનો માહોલ છવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવ અગાઉ પણ આ જ વિસ્તારમાં મધમાખીએ હુમલો કરી દેતા આ મધમાખીના હુમલામાં એકનો વ્યકિતનો ભોગ લેવાયો હતો.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીમાં ભાજપનાં ઉમેદવારનાં

ભાજપના એક કાર્યકર્તા હિરેન વીરડિયાએ ભરત સુતરીયા ઉમેદવાર તરીકે ના ચાલે તેવી ધગધગતી રજૂઆતો ભુપેન્દ્રસિંહ ચુડાસમા સમક્ષ કરી હતી. ત્યારે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કાર્યકર્તાઓની રજૂઆત પ્રદેશ આગેવાનોને પહોંચાડવાની ખાત્રી આપવામાં આવી હતી.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે બેઠક પૂર્ણ થયા બાદ તે જ દિવસે અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર ભાજપના જ હિરેન વીરડિયા અને તેમનાં મિત્રો પસાર થતાં હતા ત્યારે ભાજપના જ સંદીપ માંગરોલીયા તથા તેમના મિત્રોના બે જુથ સામ સામે આવી ગયા હતા અને એક બીજા પર હુમલાઓ કર્યા હતા. જેમાં ભાજપના જ બંને જૂથના કાર્યકરોએ એકબીજા સાથે મારપીટ કરી હતી. આ ઘટનામાં નાની મોટી ઈજાઓ સાથે બંને જૂથના કાર્યકરો સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. જેને લઈ મોડી રાત્રીના લોકોના ટોળાઓ સિવિલ હોસ્પિટલે દોડી ગયા હતા.

આ છૂટા હાથની મારામારીના બનાવ પાછળ ભાજપના ઉમેદવાર બદલવાની માંગણીના કારણે થઈ કે અન્ય કોઈ કારણોસર તે અંગે અલગ અલગ ચર્ચાઓ ચાલતી હતી. ત્યારે બનાવની જાણ પોલીસને થતાં પોલીસ કાફલો સિવિલ હોસ્પિટલે દોડી ગયો હતો. બાદમાં ભાજપના સિનિયર આગેવાન દ્વારા બંને જૂથ વચ્ચે સમાધાનના પ્રયાસો ચાલુ કર્યા હતા. ત્યારે હાલ તુર્ત તો ભાજપના વરિષ્ઠ આગેવાનોની સમજાવટથી મામલો થાળે પડયો છે. જેને લઈ કોઈ પણ જુથ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવી નથી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૨ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૯૯૧ | ૯૯૧ |
| ૩ | ઘઉં | ૪૩૫ | ૪૬૬ |
| ૪ | ચણા | ૮૯૯ | ૧૦૮૦ |
| ૫ | તુવેર | ૧૮૧૧ | ૧૮૧૧ |
| ૬ | એરંડા | ૧૧૨૬ | ૧૧૨૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૨ | ચણા | ૧૦૦૩ | ૧૦૭૧ |
| ૩ | જીરૂ | ૪૧૫૦ | ૪૧૫૦ |
| ૪ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૧૫ |
| ૫ | ધાણા | ૯૩૦ | ૧૨૯૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૬૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૦૭ | ૫૦૦ |
| ૮ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |
| ૯ | રાય | ૮૫૭ | ૮૫૭ |
| ૧૦ | મેથી | ૭૦૫ | ૮૫૫ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૨૩૯૫ | ૨૩૯૫ |

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલાનાં ધાતરવડી–૧ સિંચાઈ યોજનાનાં

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહે જીલ્લાઓમાં બનતા અનડીકેટ મીલ્કત સબંધી દાખલ થતાં ગુન્હાઓમાં ત્વરીતપણે પગલા લઈ ગુન્હો ડીટેકટ કરી આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધે મીલકત સબંધી ગુન્હાઓ ડિટેકટ કરી આરોપીને પકડી પાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે રાજુલા પોલીસ ઈન્સ. આઈ.જે. ગીડાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપી શોએબભાઈ ઉર્ફે ભાણીયો મહેબુબભાઈ જોખીયા, સીરાજભાઈ યુનુસભાઈ શેખ (રહે. રાજુલા), અક્ષયભાઈ ઉર્ફે ગોપાલ ભીખાભાઈ બાંભણીયા, જયદિપભાઈ હરીભાઈ ચુડાસમા (રહે. વાવેરા) તથા પારસગીરી વિનોદગીરી ગૌસ્વામી રહે. ધારેરવાળાને ચોરી કરેલ મુદ્દામાલ તથા વપરાયેલ TATA EX (છોટા હાથી) ફોરવ્હીલ ગાડી સાથે પકડી પાડી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી નાગરિક સહકારી બેન્કનો

બેંકનું ધિરાણ રૂા. ૧૧૩.૫૫ કરોડ થયેલ છે. ગત વર્ષે બેંકનો નફો રૂા. ૩.૨૮ કરોડનો હતો. જેમાં ચાલુ વર્ષે રૂા. ૭.૦૦ લાખનો વધારો થતા નફો રૂા. ૩.૩૫ કરોડનો થયેલ છે. આમ ચાલુ વર્ષ દરમ્યાન બેંકે પોતાની શ્રેષ્ઠતા સાબિત કરેલ છે.

બેંક દ્વારા સભાસદોને ૧૫% ડીવીડન્ડ આપવામાં આવશે તેમજ સભાસદોને ક્રોમા કંપનીનું રૂા. ૧૭૦૦/–નું મીક્ષચર ગ્રાઈન્ડર (ત્રણ જાર વાળુ) આપવામાં આવશે.

ચાલુ વર્ષે આપણી બેંકની નવી બ્રાંચ કુંકાવાવ ખાતે ચાલુ કરવાની મંજુરી રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી મળતા ગત સપ્ટેમ્બર–૨૦૨૩ માં ચાલુ કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક લેવલે સારો એવો સહકાર મળી રહેલ છે. બેંકો માટે માથાના દુ:ખાવા સમાન રીકવરી હોય છે. જેથી એન.પી.એ. વધતા જતા હોય છે. પરંતુ અમરેલી નાગરિક સહકારી બેંક લી. એ રીકવરી પર દેખરેખ રાખતા બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની દેખરેખ નીચે બેંકનાં રીકવરી ઓફિસર અજયભાઈ નાકરાણી અને તેમની ટીમે સતત ૨૨ માં વર્ષે નેટ એનપીએ ૦% અને ગ્રોસ એનપીએ ૨.૫૪ % જાળવીને છેલ્લા ૨૨ વર્ષથી જે સભાસદો, વેપારીઓ, ડિપોઝીટરો અને ખેડૂતોએ આ બેંક ઉપર મુકેલ વિશ્વાસ બેંકે જાળવી રાખેલ છે.

આમ અમરેલી નાગરિક સહકારી બેંક માત્ર બેંકીંગ કામકાજ કરતી બેંક નહી બનતા સમાજને ઉપયોગી બેંક બની છે અને બેંકની ટીમ સમાજ પ્રત્યે કંઈક કરી છુટવાની ભાવના દર્શાવે છે. આ ભગીરથ કાર્ય માટે બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, વાઈસ ચેરમેન ભાવિનભાઈ સોજીત્રા, મેનેજીંગ ડિરેકટર શૈલેષભાઈ સંઘાણી, ડિરેકટર પી.પી. સોજીત્રા તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટરો અને બેંકના મેનેજર દિલીપ ધોરાજીયા, રીકવરી ઓફિસર અજયભાઈ નાકરાણી તથા સમગ્ર સ્ટાફની કાર્યક્ષમ કામગીરીને આભારી છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૫ | ૧૫૦૦ |
| ૨ | જુવાર પીળી | ૭૨૫ | ૮૩૦ |
| ૩ | ચણા | ૧૦૬૧ | ૧૦૮૧ |
| ૪ | એરંડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૬ | ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| ૭ | રાય | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૮ | મેથી | ૯૦૧ | ૯૦૧ |
| ૯ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ૧૦ | જીરૂ | ૪૦૫૦ | ૪૩૫૧ |

# અમરેલી ખાતે એચવીકે ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો



અમરેલી ખાતે એચવીકે ગૃપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો હતો. જેમા હીરાનાં કારખાનાનાં મેનેજર તેમજ રત્નકલાકાર ભાઈઓ અને બહેનો દ્વારા ૨૫૫ યુનીટ રકત એકત્ર કરવામાં આવેલ. જેમા વેદ વોલન્ટરી બ્લડ બેન્કે સહયોગ કર્યાનું લલીત ઠુંમરની યાદીમા જણાવાયું છે.

## વિકાસની ગુલબાંગો વચ્ચે મહત્વની કચેરીનું રીપેરીંગ થતું નથી

# લ્યો બોલો : બાબરાની પાલિકા કચેરી પડવાનાં વાંકે ઉભી છે

**દીવાલોમાં મસમોટી તિરાડો અને સ્લેબમાંથી પોપડા પડતાં હોય કર્મચારીઓ અને અરજદારોમાં ફફડાટ**

**જનતા જનાર્દનમાં સરકારી તીજોરી છલોછલ કરે છતાં પણ તે પ્રમાણમાં સુવિધા મળતી નથી**

**કોઈ અકસ્માત સર્જાઈ તે પહેલા પાલિકા કચેરીની મરામત કરવામાં આવે તેવી માંગ**

**પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરે કચેરીનું નિરીક્ષણ કરીને રીપેરીંગની ખાત્રી આપી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા પાલિકાની કચેરીનું મકાન રીપેરીંગના અભાવે થતી બિસ્માર બન્યું હોય પાલિકાના કર્મચારીઓ અને અરજદારો ઉપર સતત જોખમ જોવા મળી રહયું છે. પાલિકા કચેરીનાં મકાનમાં આવેલ દીવાલોમાં મોટી તિરાડ અને સ્લેબમાંથી પોપડા પડતા જોવા મળી રહયા છે. અને પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરે નિરીક્ષણ કરીને મકાનની મરામત કરવાનો નિર્ણય કર્યો છે.

અત્રેએ ઉલ્લેખનીય છે કે એક તરફ જનતાજનાર્દન દુધ, બિસ્કીટ થી ઈલને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓ ખરીદ કરીને સરકારની તિજોરી કરવેરારૂપે નાણા ભરીને છલોછલ કરી દે છે. બદલામાં જો સુવિધા સરકાર તરફથી મળતી જોઈએ તે મળતી નથી. દેશનું અર્થતંત્ર પાંચ કિલીયન થયું એ સારી બાબત છે. પરંતુ મુઠીભર ઉદ્યોગપતીઓને જ ફાયદો થાય તે બાબત યોગ્ય નથી.

**આ ઘટાડો કોમર્શિયલ સિલિન્ડરના ભાવ પર થયો છે**

## ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરે ઘટાડો થયો

**આ પહેલા માર્ચમાં સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો થયો હતો**

નવી દિલ્હી, તા.૧

ગેસ સિલિન્ડરના ભાવમાં રાહત મળી છે. ચૂંટણી પહેલા ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સતત ૩ મહિનાથી વધતા ભાવના ટ્રેન્ડ પર આજે બ્રેક લાગી છે. ૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૩૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, આ ઘટાડો કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર કરવામાં આવ્યો છે. આ પહેલા માર્ચમાં સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. તે જ સમયે, ફેબ્રુઆરીમાં ૧૪ રૂપિયા અને જાન્યુઆરીમાં ૧.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જોકે, ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સ્થાનિક એલપીજીના ભાવ યથાવત છે. IOCL અનુસાર, દિલ્હીમાં ૧૯ કિલો LPG સિલિન્ડરની કિંમત આજથી ૧૭૬૪.૫૦ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૭૯૫ રૂપિયામાં મળતું હતું. આ સિવાય કોલકાતામાં ગેસ સિલિન્ડરની કિંમત કપાત બાદ હવે ૧૮૭૯ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૯૧૧ રૂપિયામાં મળતું હતું. હવે આ સિલિન્ડરની કિંમત મુંબઈમાં ૧૭૧૭.૫૦ રૂપિયા થઈ ગઈ છે, પહેલા તેની કિંમત ૧૭૪૯ રૂપિયા હતી. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ચેન્નાઈમાં ૧૯૩૦.૦૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. OMCએ એવિએશન ફ્યુઅલના ભાવમાં પણ ઘટાડો કર્યો છે. ઉડ્ડયન ઈંધણના ભાવમાં આશરે રૂ. ૫૦૨.૯૧/ કિલોની રાહત મળી છે. તે જ સમયે, ગયા મહિને ભાવમાં રૂ. ૬૨૪.૩૭ પ્રતિ કિલોગ્રામનો વધારો થયો હતો. હવાઈ ઈંધણના નવા ભાવ પણ આજથી લાગુ થઈ ગયા છે. દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના દરમાં ૩૦.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોલકાતામાં ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મુંબઈમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૩૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ચેન્નાઈમાં સિલિન્ડરની કિંમતમાં ૩૦.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં આ ઘટાડો એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે આ મહિને પ્રથમ તબક્કાનું મતદાન થવા જઈ રહ્યું છે. સાત તબક્કામાં યોજાનારી લોકસભાની ચૂંટણી આ મહિને શરૂ થઈ રહી છે અને જૂન સુધી ચાલશે. આ સાથે સતત ત્રણ મહિનાથી ચાલી રહેલ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારો પણ બંધ કરી દેવામાં આવ્યો છે. ગયા મહિનાની શરૂઆતમાં, ઘરેલુ એલપીજી સિલિન્ડર ગ્રાહકોને ભેટ મળી હતી, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલા દિવસ (૮ માર્ચ ૨૦૨૪) ના અવસર પર એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૦૦ રૂપિયાની છૂટની જાહેરાત કરી હતી. તેના એક દિવસ પહેલા એટલે કે ૭ માર્ચે મોદી સરકારે એલપીજી સિલિન્ડરના મામલે સામાન્ય લોકોને રાહત આપી હતી. ત્યારબાદ કેબિનેટે ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી પીએમ ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને ૩૦૦ રૂપિયાની સબસિડી આપવાની જાહેરાત કરી હતી.

## ચલાલા કુમાર શાળા ખાતે ધોરણ આઠનાં વિદ્યાર્થીઓને વિદાયમાન કાર્યક્રમ યોજાયો



ચલાલા, તા.૧, ચલાલા તા.૨૩ માર્ચ ચલાલા કુમાર શાળા ખાતે ધોરણ ૮ ના વિદ્યાર્થીઓને પ્રાથમિક કાળનું શિક્ષણ પૂર્ણ થતા વિદાયમાન અને વિદ્યાર્થીઓએ શિક્ષણેતર પ્રવૃત્તિઓમા સારો દેખાવ કરવા બદલ ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમ દરમિયાન કુમાર શાળા ચલાલાના પૂર્વ આચાર્ય બિછુભાઈ માલા તથા પૂર્વ સંગીત શિક્ષક બાલુભાઈ નસીત તેમજ એસએમસી કમિટીના સભ્યો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન શાળાના આચાર્ય હર્ષદભાઈ સરવૈયા તથા શાળા પરિવાર દ્વારા આવકારવામાં આવ્યા હતા ઉપસ્થિત આગેવાનો તથા શાળા પરિવાર દ્વારા વિદાય લેતા બાળકોને શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## લીલીયામોટા ખાતે સામાન્ય બાબતે મારામારીની ઘટના બની

અમરેલી, તા. ૧,

લીલીયા મોટા ગામે રહેતા આરોપી શાંતિભાઈ પરશોત્તમભાઈ બગડાએ તે જ ગામે રહેતા ઈકબાલભાઈ ઉર્ફે પીન્ટુ ફિરોઝભાઈ અબડા નામનાં ૩૭ વર્ષિય યુવકને ગત તા. ૩૦ના રાત્રે ૧૧/૧૫ કલાકે એસ.બી.આઈ. બેન્ક પાસે બેસવા માટે બોલાવી આરોપીએ તેના મિત્ર નાસીર ઈમદાદ શેખને કેમ ગાળો આપે છો તેમ યુવકને ગાળો આપી મોટર સાયકલ પર બેઠેલ હોય તે મોટર સાયકલને પાટુ મારી યુવકને નીચે પછાડી દઈ લાકડી વડે જમણા પગે મારી પગમાં ફેકચર કરી દઈ અને ડાબા હાથે તથા પગે લાકડી વડે ઈજાઓ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી ખાતે શહેર સમસ્ત બ્રહ્મસમાજની બેઠક મળી



અમરેલી, ૧

અમરેલી શહેર સમસ્ત બ્રહ્મ સમાજની અગત્યની બેઠક તારીખ ૩૧/૦૩/૨૦૨૪ના રોજ પરશુરામ મંદિર, અમરેલી મુકામે રાખવામાં આવેલ હતી જેમાં શહેરના પ્રમુખ ચિરાગભાઈ ત્રિવેદીએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું અને આગામી દિવસોમાં શહેર બ્રહ્મ સમાજ દ્વારા કરવાના કાર્યક્રમો અંગે સૌને માહિતગાર કર્યા હતા ત્યાર બાદ ઉપસ્થિત સૌ આગેવાનોએ પોતપોતાના મંતવ્યો રજૂ કરેલ હતા અને સંગઠનને મજબૂત કરવા વિવિધ વિસ્તારોમાં મીટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું આ તકે જિલ્લા બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા દ્વારા શહેર બ્રહ્મ સમાજને સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવેલ હતા અને આગામી ભગવાન પરશુરામજીની જન્મ જયંતિ ધામધૂમથી ઉજવણી કરવા માટેની તૈયારી અંગે જણાવેલ હતું અને જિલ્લા શહેર બ્રહ્મ સમાજ દ્વારા સરસ્વતી સન્માન અંગે, અગામી દિવસોમાં સમૂહ યજ્ઞ પવિત અંગે તેમજ બાળકોને કારકિર્દી માહિતી માર્ગ દર્શન સેમિનાર અંગે, વિધવા સહાય ફોર્મ અંગે, શ્રમિક કાર્ડ કેમ્પ બાબતમાં અને શહેરમાં વસતા ભૂદેવ પરિવારોનો ડેટા એકઠો કરવા અંગેના કાર્યકરોની વિસ્તૃત માહિતી આપેલ હતી આ તકે જાણીતા એડવોકેટ અજયભાઈ પંડયા, બકુલભાઈ, નરેશભાઈ ડો, નિખિલેશ જાની, વિપુલ દવે, નરેશભાઈ મહેતા વગેરે દ્વારા સંગઠનને બળવતર બનાવવા વિવિધ સૂચનો કરેલ હતા કાર્યક્રમના અંતમાં આભાર વીંધી શહેર મંત્રી ભાવિન ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી આ તકે શહેર બ્રહ્મ સમાજના હોદેદારો, કારોબારી સભ્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


### જાહેર નોટિસ

**:// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //:**

અપીલ રજી. નં.૪૭/૨૦૨૪

અરજદાર : શ્રી ભરતભાઈ મનજીભાઈ વાવલીયા
રહે. ખીજડીયા રાદડીયા તા.જિ. અમરેલી.

**// વિરૂધ્ધ //**

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
–વ–
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ખીજડીયા રાદડીયા તા. જિ. અમરેલી.

**// જાહેર નોટિસ //**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામના ભરતભાઈ મનજીભાઈ વાવલીયા તેઓનો પુત્ર વાવલીયા દિવ્યેશકુમાર ભરતભાઈ જન્મ તા.૧૫/૧૧/૨૦૦૨ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ **તારીખ ૨૦/૦૩/૨૦૨૪ ના રોજ** મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી


# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે જરૂરીયાતમંદ લોકો માટે છાશ કેન્દ્રનો પ્રારંભ



સેવાકાર્યનું વટવૃક્ષ અને જીવંતતા દર્શાવતું સ્થળ ગાયત્રી સંસ્કા ધામ – ચલાલા કે જયાં સેવા, સંસ્કાર, આરોગ્ય, પશુસેવા, સમૂહ લગ્ન જેવી પવૃતિઓ અખંડ ચાલી રહી છે. જેના ભાગ રૂપે ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. તો અમૃતના ઓડકારસમી છાસનું વિતરણ શરુ કરેલ છે. આ છાસ કેન્દ્રમાં આસપાસના વિસ્તારમાં ૫૦ જેટલા જરૂરિયાત મંદ કુટુંબોના ૨૫૦ જેટલા લોકો આ છાસ કેન્દ્રનો લાભ લઈ રહ્યા છે. અને અંતર ના આશીર્વાદ આપી રહ્યા છે. રતિદાદાએ જણાવ્યું હતું કે આ છાસકેન્દ્ર એપ્રિલ, મેં, જુન, એમ ત્રણ મહિના ચાલશે અને અનેક લોકો આ સેવા કાર્યનો લાભ લેશે. આ છાસ કેન્દ્રમાં એપ્રિલ માસનો આર્થિક સહયોગ સ્વ. લાભુબેન મોનજીભાઈ તન્ના (યુ.કે.) હ. ઉર્મિલાબેન તરફ થી મળેલ છે.

## કોંગ્રેસની કકળાટરૂપી જુથબંધી ભાજપમાં વિકરાળ સ્વરૂપે પ્રવેશતા દેકારો

# અમરેલીમાં ભાજપનાં ઉમેદવારનાં નામ લઈને બે જુથ વચ્ચે બઘડાટી

**એક જુથનાં રજૂઆત કરતા કાર્યકર્તા ઉપર અન્ય જુથનાં કાર્યકરોએ હુમલો કરતાં દેકારો**

**બંને જુથનાં ઈજાગ્રસ્ત કાર્યકરોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા**

**સાંસદ કાછડીયા પણ મોડી રાત્રિએ સિવિલ હોસ્પિટલ ટેકેદારો સાથે પહોંચી ગયા**

**ભાજપનાં આગેવાનોની મધ્યસ્થી બાદ મામલો શાંત થયો અને ઘીનાં ઠામમાં ઘી પડી ગયું**









અમરેલી, તા. ૧

અમરેલી લોકસભા બેઠક માટે ભાજપના ઉમેદવાર જાહેર થયા બાદ ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે. ત્યારે છેલ્લા બે–ચાર દિવસથી સોશ્યલ મીડિયા મારફતે અમરેલી ભાજપના ઉમેદવાર સામે વિરોધનો વંટોળ શરૂ થયો હતો. તો ધારી તાલુકાના ખીચા અને દેવળા ગામે ભાજપના ઉમેદવાર બદલવા માટેના પોસ્ટર, બોર્ડ, બેનરો લાગ્યા હતા. ત્યાર બાદ શનિવારે રાજુલાની સભામાં કલસ્ટરપ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મીડીયા સમક્ષ અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર બદલાશે નહિ તેમ ભારપુર્વક જણાવ્યું હતું.

બાદમાં શનિવારે જ સાંજના સમયે કલસ્ટર પ્રભારી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ડેમેજ કંટ્રોલ કરવા અમરેલી ખાતે આવી પહોંચ્યા હતા. જયાં અમરેલીના ઉમેદવારના સમર્થન માટે નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે ખાનગી બેઠક પણ કરી હતી. આ બેઠકમાં

અનુસંધાન પાના ૬ ઉપર




Sheetal

Sheetal Restaurant - Ice Cream, South Indian & Fast Food

દરેક ખરીદી પર મેળવો કેશબેક

Earn

10%

Cashback

કોઈપણ ખરીદી પર

તમારું આગલું બિલ ચૂકવવા માટે તમારા કેશબેકનો ઉપયોગ કરો.

Terms & Conditions
- મિનિમમ રૂ. 999/- બિલની રકમ કેશબેક મેળવવા માટે જરૂરી છે.
- 2 ઓફર એક સાથે માન્ય નથી.
- ઓફર ફક્ત શીતલ રેસ્ટોરેન્ટ - S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી પર જ માન્ય છે.
- કેશબેક ઓફર માત્ર રેસ્ટોરેન્ટના બીલ પર જ માન્ય ગણાશે.

Location

શીતલ રેસ્ટોરેન્ટ

S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. 9510959954


## અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં સુંદર સારવાર મળતા

# સાવરકુંડલાના આંબરડી ગામનાં યુવકને કારણ વગર ડર લાગવો, ખરાબ વિચારો વિગેરેની બીમારી દુર થઈ

**ડો. ભાવિન કાદાવલા અને ટ્રસ્ટના પ્રમુખનો દર્દીના પરિવારે આભાર માન્યો**



અમરેલી, તા. ૧

સાવરકુંડલાના આંબરડી ગામના ૩૫ વર્ષિય દર્દી સંજયભાઈ રાખોલીયાને છેલ્લા ૮ વર્ષ થી સ્કિઝોફ્રેનીયા ની બિમારી થી પીડિત હતા. તે બિમારીના લક્ષણને જોઈએ તો નવા નવા અવાજો આવવા, બીક લાગે, ભયના કારણે ઘરની બહાર નીકળીના શકે, ઓળખીતા લોકો ના અવાજ આવે, આપણા વિચારો કોકબિજા સાંભળતા હોય તેવું લાગે, ખરાબ ખરાબ વિચારો સતત આવ્યા કરે, આવા પ્રકાર ના લક્ષણો થી પીડીત હતા. તેમણે ઘણીબધી મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ તે જયાવેલ જેવી કે રાજકોટ, ભાવનગર, સુરત, અમદાવાદ, મહુવા, આ બધી હોસ્પિટલ ફરી વળિયા હતા પણ દર્દી ને એક પણ પ્રકારની રાહત જણાતીના હતી.

અંતે શાંતાબા જનરલ હોસ્પિટલની જાણ થતા દર્દી એ મુલાકાત કરેલ પણ જયારે પહેલી વખત દર્દી સંજયભાઈ રાખોલિયાને લાવ્યા હતા તેઓ કંટ્રોલ બહાર હતા.

આ બિમારી ના કારણે પહેલા તો ત્રણ થી ચાર લોકો સાથે આવેલ પણ શાંતાબા હોસ્પિલની સારવાર મળતા હાલ તે તેનું બાઈક લઈને એકલા આવી શકે છે. અને દર્દી બીમારી પહેલા હીરા ઘસવાનું કામ સાથે સંકળાયેલા હતા છેલ્લા ૧૦ વર્ષથી કામપણ મૂકી દીધું હતું. તેની ઘરની પરીસ્થિતિ ખૂબજ કફોડી થઈ ગય હતી. પણ આજ દર્દી સાજુ થતા તેઓ ઓઈલ મિલમાં કામ કરવામાં સક્ષમ થઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## રાજકોટથી શરૂ થયેલ વિવાદ અમરેલી જિલ્લામાં શરૂ

# ખાંભામાં રાજપુત ક્ષત્રિય સમાજે કેન્દ્રીય મંત્રી રૂપાલાનાં વિરોધમાં આવેદન પત્ર પાઠવ્યું

**ભાજપ સમક્ષ કેન્દ્રીય મંત્રીની ટિકિટ રદ કરવા માંગ**

અમરેલી, તા. ૧

થોડા દિવસો થી કેન્દ્રીય મંત્રી એવા પુરષોતમ રૂપાલા ના ભાજપ પક્ષ દ્વારા રાજકોટ બેઠક થી લોકસભાની ટિકિટ આપી ચૂંટણી લડાવી રહ્યા છે ત્યારે થોડા દિવસો પહેલા એક કાર્યક્રમમાં પુરષોતમ રૂપાલા દ્વારા રાજા રજવાડા ના ઉલ્લેખ સાથે વિવાસ્પદ ટીપ્પણી એક જાહેર મંચમાં આપતાં વિવાદ સર્જાયો હતો અને ક્ષત્રિયોઓનું આ અપમાનજનક નિવેદન થી સમગ્ર ગુજરાત માં હાલ વિરોધ ચાલી રહ્યો છે ત્યારે હવે આ વિરોધ અમરેલી જિલ્લામાં અને ગ્રામ્ય પંથક માં પહોંચી ગયો છે.

જયારે સોમવારે ખાંભા તાલુકાના ક્ષત્રિય આગેવાનો દ્વારા રેલી

અનુસંધાન પાના ૬ ઉપર



તસ્વીર : ભાવિક કળસરીયા–ખાંભા


હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે

મેડીકલ ઓફીસર

M.B.B.S./B.H.M.S./B.A.M.S

પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)

Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)

નર્સીંગ સ્ટાફ

GNM / ANM / Bsc Nursing

પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)

Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)

અમરેલીમાં રહેતા વ્યક્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર

જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

IFB

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.

IFB ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...



સરળ માસીક હપ્તે વસાવો

0% વ્યાજદર

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION

EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES

RAM ENTERPRISE

અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ

રામ એન્ટરપ્રાઈઝ

હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.

હવે...આપણા અમરેલીમાં જ સુરત, રાજકોટ, અમદાવાદ જેવી જ સુવિધા ઉપલબ્ધ.

NCT CANDOR IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી)

ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)

ડો. જયદેવ ધામેલીયા
MBDGO
IVF Specialist
( 14 years Experience )



હવે... તમારા ઘરે પણ ગુંજશે ખુશીઓની કિલકારી...

એકમાત્ર અમરેલી જીલ્લાનુ IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)

સ્થળ: નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ | ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી

વધુ માહિતી માટે સંપર્ક કરો 99789 66629, 88491 09784


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)